ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 58 / ISSUE-06 / DECEMBER 2025

## HAPPY NEW YEAR

# 2026

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY ®

संहति: कार्यसाधिका

SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

## ACTIVITIES OF SGCCI

Signature BUSINESS CLUB

SGCCI GLOBAL CONNECT

SBC SGCCI BUSINESS CONNECT support & promote...

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
सा विद्या या विमुक्तये
SESDC
SGCCI EDUCATION HUB

GFRRC
GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE
(An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

GOLDEN JUBILEE MEMORIAL TRUST AWARD
GOLDEN JUBILEE AWARDS

કાયમી સમાધાન પંચ

NCGF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL
SGPC

SURAT CITYZEN'S COUNCIL TRUST
SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર
समृद्धि

SGCCI infozine
e-newsletter - Monthly

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સાચપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારધી (પવાર)**



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, એસઆઈઈસીસી કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**


સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વક્તા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહી.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ચેમ્બરના બિઝનેસ ડેલિગેશનની બોત્સ્વાના મુલાકાત | 05 |
| 02 | ચેમ્બર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે સરસાણા ખાતે સુરત ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ષ્પો 'સીટેક્ષ- ૨૦૨૫' સફળતાપૂર્વક યોજાયું | 09 |
| 03 | 'સીટેક્ષ એક્ષ્પો- ૨૦૨૫'માં એક્ઝિબિટર્સને જબરજસ્ત પ્રતિસાદ, આગામી છ મહિનામાં ટેક્ષ્ટાઇલ મશીનરીમાં આશરે રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના | 12 |
| 04 | ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીને રાષ્ટ્રીય સ્તરની વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગ સંસ્થાઓમાં મહત્વપૂર્ણ સ્થાન મળ્યું | 13 |
| 05 | ઓમાન ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ SGCCIની મુલાકાતે | 15 |
| 06 | ચેમ્બરના પ્રતિનિધિમંડળે નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેક્રેટરીને પ્રિ-બજેટ મેમોરેન્ડમ આપી જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા | 16 |
| 07 | શ્રીલંકા ઇકોનોમિક એન્ડ ઇન્વેસ્ટમેન્ટ સમિટ માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને આમંત્રણ | 17 |
| 08 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પિટિટિવનેસ ' વિષે વર્કશોપ યોજાયો | 18 |
| 09 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં 'પ્રકૃતિ- આયુષ કોન્ક્લેવ ૨૦૨૫' યોજાયો | 20 |
| 10 | સાર ઇન્ફ્રાકોન અને ચેમ્બર ઓફ કોમર્સના સરસાણા સ્થિત સેમિનાર હોલ- Aને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ નામ અપાયું | 23 |
| 11 | સુરતમાંથી એર કનેક્ટિવિટી મજબૂત બનાવવાની દિશામાં ચેમ્બરમાં મહત્વપૂર્ણ બેઠક | 24 |
| 12 | ચેમ્બર દ્વારા 'ફૂડપ્રિન્યોર્સ- કિચનથી માર્કેટ સુધી' વિષય પર સેમિનાર યોજાયો | 27 |
| 13 | ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડિયન મેડિકલ એસોસિએશન- સુરતના સંયુકત ઉપક્રમે 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'ના ભાગ રૂપે અવેરનેસ કાર્યક્રમ યોજાયો | 29 |
| 14 | ચેમ્બર દ્વારા એમએસએમઈને રૂપિયા ૫ કરોડ સુધીની કોલેટર મુક્ત લોન માટે બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું | 31 |
| 15 | નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, નવી દિલ્હીના ડિરેક્ટર સાથે ઓનલાઇન મીટિંગ યોજાઇ, MSMEs સહિતના ઉદ્યોગો માટે વિવિધ રજૂઆતો કરાઇ | 33 |
| 16 | ચેમ્બર ખાતે એર ઇન્ડિયાના વેસ્ટ ઝોન કાર્ગો ઓપરેશન્સ હેડ શ્રી મહેશ ગણેશન સાથે ઇન્ટરનેશનલ કાર્ગો સંદર્ભે મહત્વની ચર્ચાઓ થઇ | 34 |
| 17 | ચેમ્બર દ્વારા સ્કોબાના સહયોગથી સહકારી બેંકો માટે બેન્કિંગ કોન્ક્લેવ યોજાયો, સહકારી બેંકોના સમાવેશી વિકાસ પર મનોમંથન | 35 |
| 18 | ચેમ્બર દ્વારા જર્ની ટુ ફાયનાન્સિયલ ફ્રિડમ વિષે સેશન યોજાયું | 38 |
| 19 | શા માટે ઉદ્યોગ સાહસિકો તક ચૂકે છે એ વિષય પર પ્રેરક સત્ર યોજાયું | 39 |
| 20 | ચેમ્બર અને મંત્રાના સંયુકત ઉપક્રમે ટેક્ષ્ટાઇલ નોલેજ સેશન યોજાયું | 41 |
| 21 | ચેમ્બર ઓફ કોમર્સ અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે અવેરનેસ સેશન યોજાયું | 43 |
| 22 | ફિક્કી ગુજરાત રિજિયન દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ અને શારજાહ સરકારના સહયોગથી બે દિવસ બીટુબી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજાઇ | 44 |
| 23 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવિધ સ્થળે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન | 45 |
| 24 | ચેમ્બર દ્વારા 'નો અબાઉટ યોર લિવર' વિષે અવેરનેસ સેશન યોજાયું | 47 |
| 25 | રોકાણનો નવો માર્ગ-એસઆઇએફ વિશે ચેમ્બરમાં સેશન યોજાયું | 48 |
| 26 | 'ફાઇટીંગ કેન્સર સ્માર્ટર' વિષે સેશન યોજાયું | 49 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# ચેમ્બરના બિઝનેસ ડેલિગેશનની બોત્સ્વાના મુલાકાત, દ્વિપક્ષીય સહકારના નવા દ્વાર ખુલ્યા




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારોના બિઝનેસ ડેલિગેશને તા. ૧૦થી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન રિપબ્લિક ઓફ બોત્સ્વાનાના પાટનગર ગેબરોનની મુલાકાત લીધી હતી. આ બિઝનેસ ડેલિગેશનની મુલાકાત ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીની બોત્સ્વાનાની મુલાકાત દરમ્યાન યોજાઈ હતી.

આ બિઝનેસ ડેલિગેશનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, હરે કૃષ્ણા ગૃપના શ્રી બ્રિજેશ ધોળકિયા, કે.પી. ગૃપના ડો. ફારૂક પટેલ, કેપીઆઈ ગ્રીન હાઈડ્રોજનના શ્રી રોબી રાજશેખરમ, શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સના શ્રી દર્શક નારોલા, વિનસ જેમ્સના શ્રી હિતેશ શાહ, જેમ એન્ડ જ્વેલરી એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલના શ્રી જયંતિ સાવલિયા અને શ્રી રજત વાની, તરણજ્યોત એનર્જીના શ્રી ગુરમીત સિંઘ માન અને શ્રી રાકેશ શાહ, લિબર્ટી ગૃપ એન્ડ રીઘન ફેશન્સ પ્રા.લિ.ના શ્રી દિનેશ ધનકાની, જૈનમ શેર્સના શ્રી મિલન પરીખ, એપ્પલ લાઈફસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શ્રી દિપક શેટા, મહેતા વેલ્થના શ્રી કૃણાલ મહેતા અને રેઝોન સોલારના ફેનિલ પટેલનો સમાવેશ થાય છે.

બોત્સ્વાના ખાતે ભારતીય ઉદ્યોગ અગ્રણીઓ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સ્થાનિક વ્યાપારિક સત્તા મંડળો સાથે મિટીંગ મળી હતી. આ મિટીંગનું આયોજન બોત્સ્વાના સ્થિત બ્લુ સ્ટાર ગૃપના ચેરમેન શ્રી આશિત મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિક ઉદ્યોગ અગ્રણીઓ સાથેની આ મિટીંગમાં બોત્સ્વાનાનું આર્થિક પરિબળ અને વ્યાપારિક માળખું, ત્યાંની બિઝનેસ સંસ્કૃતિ અને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર અને રોકાણની સંભાવનાઓ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની બોત્સ્વાના ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડ સેન્ટર (BITC) સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં (BITC) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુશ્રી ટ્રન્ક્લિનાહ ગેબોનથોને તથા BITCના વિવિધ ક્ષેત્રોના વરિષ્ઠ વિભાગિય વડાઓ હાજર રહ્યા હતા. (BITC)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરફથી ચેમ્બર ઓફ કોમર્સના સભ્યોના બિઝનેસ સંબંધિત રોકાણ માટે BITC મુખ્ય સંપર્ક બિંદુ તરીકે કાર્ય કરશે તેમ જણાવ્યું હતું. આ બેઠકમાં ડાયમંડ અને મિનરલ પ્રોસેસિંગ, માઈનિંગ (કોલ, કોપર, સોડા




એશ), પાવર જનરેશન (સોલાર, બાયોફ્યુઅલ) અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રોમાં રોકાણ અને સહકારની વિશાળ તકો રજૂ કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની બોત્સ્વાના મિનરલ્સ એન્ડ એનર્જી મંત્રાલય સાથે બેઠક યોજાઇ હતી, જેમાં મિનરલ્સ એન્ડ એનર્જી મંત્રાલયના વરિષ્ઠ સલાહકારો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યત્વે બોત્સ્વાનાના માઈનિંગ સેક્ટરના વિસ્તરણમાં સુરતના ઉદ્યોગ સાહસિકોને સક્રિય ભાગીદારી માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

નોન બેંક ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સ રેગ્યુલેટરી ઓથોરિટી (NBFIRA) સાથે બેઠક મળી હતી, જેમાં ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુશ્રી વેરિલી મોલાટેડી અને કેપિટલ માર્કેટસના ડિરેક્ટર સુશ્રી જુલિયાના વ્હાઈટ ઉપસ્થિત રહ્યા હતા.

બોત્સ્વાનાની નોન બેન્કીંગ નાણાંકીય સંસ્થાઓ માટેના નિયમનકારી માળખા, બોટ્સ્વાના સ્ટોક એક્સચેન્જના કાર્યરત માળખા અને તેની નીતિઓ વિશે ચેમ્બરના બિઝનેસ ડેલિગેશનને માહિતી આપવામાં આવી હતી. બિઝનેસમાં રોકાણ માટે લોન તથા ડિપોઝિટસ માટેનો વ્યાજદર, ફિનટેક ક્ષેત્રમાં નવી સંભાવનાઓ તેમજ રિયલ ટાઈમ ટ્રાન્ઝેકશન સિસ્ટમ્સ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ભારત અને બોત્સ્વાના વચ્ચે દ્વિપક્ષીય વ્યાપારને વધુ મજબૂત બનાવવાના ચેમ્બરના વિઝનની વિગતવાર રજૂઆત કરી હતી. ખાસ કરીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે જરૂરી વ્યવસ્થાઓ, હીરા ઉદ્યોગ, ટેક્ષ્ટાઈલ સેકટર અને રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ભાગીદારી, વેપાર અને રોકાણની સુરક્ષા તથા વિશ્વસનિયતા માટે સહકાર વધારવા પર ભાર મૂકયો હતો.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળની બોત્સ્વાનાના હીરા ઉદ્યોગ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ સંસ્થાઓ જેવી કે ઓકાવાંગો ડાયમંડ કંપની (ODC), KGK ડાયમન્ડ્સ અને કિમ્બર્લી પ્રોસેસના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરની બેઠકઓ યોજાઈ હતી. આ બેઠકોમાં ડાયમંડ ટ્રેડિંગ અને તેના વિસ્તરણ અંગેના સહકાર, સર્ટિફિકેશન પ્રક્રિયાઓ, સ્કિલ ડેવલપમેન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, જેમાં ભારત અને બોત્સ્વાના વચ્ચે તાલીમ, ભારત- બોત્સ્વાના ડાયમંડ વેલ્યુ ચેઈનને વધુ મજબૂત બનાવવા માટે સંયુક્ત શક્યતાઓ વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકો દ્વારા બંને દેશો વચ્ચે હીરા ક્ષેત્રમાં ઊંડો સહકાર અને નવા અવસરોને પ્રોત્સાહન મળ્યું હતું.

બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ માનનીય એડવોકેટ દુમા ગીડિયોન બોકો દ્વારા ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના સન્માનમાં એક ભવ્ય સ્ટેટ રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રાષ્ટ્રીય સ્તરની તેમની સત્તાવાર બોટ્સ્વાના મુલાકાત સાથે સંકલિત હતો. આ પ્રતિષ્ઠિત સમારંભમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ માનનીય એડવોકેટ દુમા ગીડિયોન બોકોએ ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને ભારત - બોત્સ્વાના દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની બોત્સ્વાનાની પ્રતિબદ્ધતા



વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિ બોકોએ બોત્સ્વાનાના આર્થિક પરિવર્તન પર દેશની પ્રાથમિકતા વિશે વિસ્તૃત માહિતી આપી અને એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, બોત્સ્વાના ભારતને ૮ ચિત્તા ભેટ સ્વરૂપે અર્પણ કરશે, જે બંને રાષ્ટ્રો વચ્ચે વધી રહેલા મિત્રતાના પ્રતીક તરીકે ગણાશે.

તેમણે વધુમાં આશા વ્યક્ત કરી કે, આ હૃદયસ્પર્શી પગલું વધુ ભારતીય પ્રવાસીઓને બોત્સ્વાના તરફ આકર્ષશે, જેથી તેઓ ત્યાંના વાઈલ્ડ લાઈફ હેરિટેજ અને કુદરતી સૌંદર્યનો અનોખો અનુભવ મેળવી શકશે.

માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ બોત્સ્વાના સરકાર દ્વારા અપાયેલી ઉત્તમ ભેટ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભારત અને બોત્સ્વાના વચ્ચેના બહુ-ક્ષેત્રીય સહકારને વધુ મજબૂત બનાવવા ભારતની પ્રતિબદ્ધતા દૃઢ કરી હતી. તેમણે બોત્સ્વાનાની પ્રગતિની પ્રશંસા કરી હતી અને ભારત દ્વારા પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં સહકારને આગળ વધારવા સંપૂર્ણ સમર્થન આપ્યું હતું.

વેપાર અને રોકાણ, રિન્યુએબલ એનર્જી, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ, સ્કિલ ડેવલપમેન્ટ અને ક્ષમતા નિર્માણ, ડિફેન્સ, માઈનિંગ અને સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની વિસ્તૃત ચર્ચા થઈ હતી. બોત્સ્વાનાએ ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડલ પ્રત્યે વિશેષ રસ દર્શાવ્યો હતો.

તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બોત્સ્વાના રાષ્ટ્રપતિના કાર્યાલય ખાતે ચેમ્બરના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક યોજાઈ હતી, જેમાં રાષ્ટ્રપતિ એડવોકેટ દુમા ગીડિયોન બોકો તથા ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના મંત્રી, પ્રિન્સિપાલ સેક્રેટરી ટુ ધ પ્રેસિડેન્ટ, બોત્સ્વાનાના ભારત સ્થિત હાઈ કમિશનર, BITC ના સીઈઓ ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ બોત્સ્વાના સરકાર દ્વારા આપવામાં આવેલી ઉત્તમ મહેમાનનવાજી તથા સુસંગત આયોજન માટે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ૧૦ નવેમ્બરે સંસદમાં રાષ્ટ્રપતિ દ્વારા રજૂ કરાયેલા ૪ કલાકના ઐતિહાસિક આર્થિક માર્ગદર્શનની પ્રશંસા કરી હતી.

ટ્વિન સિટી પ્રસ્તાવ - સુરત અને ગેબરોન રજૂ કર્યો હતો, જેમાં શહેરી વિકાસ, ટેકનોલોજી અને ટેલેન્ટ એકસચેન્જ, મેડિકલ ટૂરિઝમ, શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે એકસચેન્જ કાર્યક્રમ અને બિઝનેસ પ્રતિનિધિ મંડળોની નિયમિત આપલે તથા પ્રદર્શનો વિગેરે ક્ષેત્રોની ચર્ચા થઇ હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે લાંબા ગાળાના બિઝનેસ વીઝા, સિંગલ વિંડો સિસ્ટમ, ભારતીય રોકાણકારો માટે જમીન ફાળવણી, માઈનિંગ, ફાઈનાન્સ અને ટેકનોલોજીમાં ૧૦૦ ટકા એફડીઆઈ વિગેરે મુદ્દાઓની રજૂઆત કરી હતી. સાથે જ બોત્સ્વાના રાષ્ટ્રપતિ તથા મંત્રી મંડળને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. ૨૪થી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન યોજાનારા SGCCI ગ્લોબલ વિલેજ ૨૦૨૬ માટે આમંત્રણ આપ્યું હતું.

બોત્સ્વાના રાષ્ટ્રપતિએ ચેમ્બરની વિવિધ પ્રવૃત્તિઓ તથા દક્ષિણ ગુજરાતના વ્યાપાર - ઉદ્યોગના વિકાસ માટે કરવામાં આવનારા પ્રયાસો તેમજ નેતૃત્વની પ્રશંસા કરી હતી. તેમણે સ્ટોક એકસચેન્જ અને ફિનટેક ક્ષેત્રમાં સહકારને સમર્થન આપ્યું હતું. ગુજરાતના ઉદ્યોગકારોને બોત્સ્વાનાની પ્રવાસન તકો શોધવા પ્રોત્સાહન આપ્યું હતું. ભારતીય રોકાણકારોના સેફટી

અને સિક્યુરિટી અંગે ખાતરી આપી ભારતને લાંબા ગાળાના વિકાસ સાથી તરીકે ગણાવ્યું હતું. આ ઉપરાંત, તેમણે ચેમ્બરની બોત્સ્વાના પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી.

હાઈ કમિશન ઓફ ઈન્ડિયા, ગેબરોન દ્વારા આયોજિત ઈન્ડિયન કોમ્યુનિટી મિટીંગમાં ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીયે બોત્સ્વાનામાં વસતા ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કર્યા હતા. આ પ્રસંગે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રીય રેલવે અને જળ શક્તિ રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્ના, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, સાંસદ શ્રીમતી ડી.કે. અરુણા તથા ભારત અને બોટ્સ્વાનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સીધી ચર્ચા કરી હતી.

તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બોત્સ્વાનાના ભારતીય બિઝનેસ સમુદાય સાથે બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્ય ભારતીય મૂળના ઉદ્યોગકારો સાથે બીટુબી ચર્ચા થઈ હતી. રિટેલ, માઈનિંગ, ડાયમંડ્સ, કન્સ્ટ્રક્શન, હોસ્પિટાલિટી, ફાઈનાન્સ અને રિન્યુએબલ એનર્જી જેવા મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક ઉદ્યોગકારોએ ચેમ્બરના પ્રતિનિધિ મંડળને સ્થાનિક બજારમાં પ્રવેશ, નિયમન તથા રોકાણ સુવિધા માટે સંપૂર્ણ સહકાર આપવાનો વિશ્વાસ આપ્યો હતો.

### શ્રી જયંતિ સાવલિયા
### ગુજરાત રિજીયોનલ ચેરમેન, GJEPC (જેમ્સ એન્ડ જ્વેલરી એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ)

બિઝનેસ ડેલિગેશનની આ મુલાકાત હીરા ઉદ્યોગ માટે ઐતિહાસિક અને મોખરાના પરિણામો લઈને આવી છે. ODC દ્વારા સુરતને સીધી રીતે રફ ડાયમંડ સપ્લાય આપવા માટેની પ્રતિબદ્ધતા પ્રાપ્ત થઈ છે, તેમજ ડાયમંડ હબ બોત્સ્વાના સાથેના સંસ્થાગત સંબંધો વધુ મજબૂત બન્યા છે. બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ દ્વારા GJEPC ના વ્હાઈટ પેપરની પ્રશંસા અને સુરત-ગેબરોનને ટ્વિન સિટી જાહેર કરવાની સૂચના-બંને દેશોના હીરા ઉદ્યોગ વચ્ચે વધુ ઊંડો અને ભવિષ્યમુખી સહકાર સ્થાપિત કરવા માટે એક મજબૂત પાયો સાબિત થયા છે.

### શ્રી દીપક શેટા
### ફાઉન્ડર એન્ડ ચેરમેન, એપલ લાઈફસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

સુરત હંમેશા ગ્લોબલ માર્કેટ નહીં, પરંતુ ગ્લોબલ વેલ્યુ સર્જવાના સિદ્ધાંત પર ચાલ્યું છે. બોત્સ્વાનાની ઉષ્માભરી સ્વિકૃતિ અને સહકારની દૂરંદેશી દ્રષ્ટિ દર્શાવે છે કે બંને દેશો મળીને ઈનોવેશન, મહિલા સશક્તિકરણ અને કુશળતા આધારિત ઔદ્યોગિક વિકાસ પર એક મજબૂત ટેક્ષ્ટાઈલ ઈકોસિસ્ટમ રચી શકે છે.

### શ્રી દર્શક નારોલા
### શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.

અમે સોર્સિંગ, બેનિફિશિએશન, સ્કિલ ડેવલપમેન્ટ અને ડાયમંડ ઈનોવેશન જેવા ક્ષેત્રોમાં સહકારની વિશાળ તકો જોવા મળી રહી છે. અમે વધુ પારદર્શક, સસ્ટેનેબલ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક એવા ડાયમંડ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો હેતુ ધરાવીએ છીએ.

### ડૉ. ફારૂક જી. પટેલ
### ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર, KP Group

ચેમ્બરના બિઝનેસ ડેલિગેશનની બોત્સ્વાના મુલાકાત KP Group માટે એક માઈલસ્ટોન સાબિત થઈ છે. આ મુલાકાત દ્વારા બોત્સ્વાનાના સર્વોચ્ચ નેતૃત્વ અને પ્રભાવશાળી બિઝનેસ હાઉસિસ સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાની અનોખી તક મળી. આ વ્યૂહાત્મક જોડાણ દ્વારા મલ્ટી-ગિગાવોટ રિન્યુએબલ એનર્જી તકો ખૂલી છે, જે KP Group ના બોત્સ્વાના સહિત સમગ્ર આફ્રિકા ખંડમાં વિસ્તરણના દ્રષ્ટિકોણને વધુ મજબૂત બનાવે છે.

### શ્રી કૃણાલ મહેતા
### ફાઉન્ડર, મહેતા વેલ્થ

અમે બોત્સ્વાનાના પેન્શન ફંડ્સના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરી અને તેમની ભારત તરફની રોકાણ ફાળવણીમાં વધારો કરવા અંગે રચનાત્મક ચર્ચા કરી.

### ડૉ. દિનેશ જે. ધનકાની
### ચેરમેન, રિધન ફેશન્સ પ્રા.લિ. એન્ડ લિબર્ટી સિલ્ક મિલ્સ

Surat-Botswana Textile Corridor પર વ્હાઈટ પેપર રજૂ કરીને સ્થિર ઔદ્યોગિક સહકાર, કુશળતા વિકાસ અને ટેક્ષ્ટાઈલ વેપારને મજબૂત બનાવવા માટેનો સ્પષ્ટ માર્ગ દર્શાવ્યો હતો. સુરતની સિન્થેટિક અને મેન-મેઈડ ફેબ્રિક્સની કુશળતા અને બોત્સ્વાનાની આફ્રિકામાં વ્યૂહાત્મક સ્થિતિને જોડતી આ પહેલ આર્થિક વૃદ્ધિ, રોજગાર સર્જન અને સસ્ટેઈનેબલ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહિત કરતી મહત્વપૂર્ણ ભાગીદારી ઉભી કરે છે.

### શ્રી ગુરમીત સિંઘ માન
### મેનેજિંગ ડિરેક્ટર, તરણજ્યોત ગૃપ
### શ્રી રાકેશ શાહ
### હેડ – કોર્પોરેટ અફેર્સ, તરણજ્યોત ગૃપ

બોત્સ્વાના બિઝનેસ ડેલિગેશન ટુરનો ભાગ બનવું અમારા માટે ગૌરવની બાબત હતી. બોત્સ્વાનાના માનનીય રાષ્ટ્રપતિ અને તેમની પ્રતિષ્ઠિત ટીમ સાથે થયેલી બેઠકો અત્યંત પ્રેરણાદાયી રહી. BITC, બોત્સ્વાનાએ અમારી સાથે ઉત્તમ ઈન્ટરેકશનનું

આયોજન કર્યું તે બદલ અમે હૃદયપૂર્વક આભારી છીએ. આશા છે કે, આવનારા સમયમાં પણ આવી નવી તકો અમારી માટે ફરી ઊભી થશે અને દ્વિપક્ષીય સહકાર વધુ મજબૂત બનશે.

**શ્રી હિતેશ શાહ**
**વિનસ જ્વેલ**

સુરતના બિઝનેસ પ્રતિનિધિ મંડળની બોત્સ્વાના ખાતેની મુલાકાતો અત્યંત ઉત્સાહજનક રહી. બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે હીરા ઉદ્યોગમાં સહકાર વધારવા બાબતે વ્યાપક ચર્ચા થઈ. સુરત-ગેબરોનને ટ્વિન સિટી તરીકે વિકસાવવાની દિશામાં સકારાત્મક સંકેતો મળ્યા. સુરતની કુશળતા આધારિત સહકાર તેમજ કામદારો માટે સુધારેલી લેબર સુવિધાઓ અને વિઝા પ્રક્રિયાના સરળીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

**શ્રી ફેનિલ પટેલ**
**રેઝોન સોલાર**

ચેમ્બરના પ્રતિનિધિ મંડળની બોત્સ્વાના મુલાકાતે Rayzon Solar Limited માટે મોટા પાયાના યુટિલિટી પ્રોજેક્ટ્સ માટે અદ્યતન સોલાર મોડયુલ સપ્લાયના ક્ષેત્રમાં મજબૂત તકો ઉભી કરી છે. આ મુલાકાત દરમ્યાન થયેલી બેઠકોએ બોત્સ્વાનાની વધી રહેલી રિન્યુએબલ એનર્જી જરૂરિયાતોને વિશ્વ સ્તરની, ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા સોલાર મોડયુલો દ્વારા પૂર્ણ કરવા રેઝોનની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે.

**શ્રી બ્રિજેશ ઘોળકિયા**
**સેકન્ડ જનરેશન આંત્રપ્રિન્યોર,**
**હરી કૃષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.**

બોત્સ્વાનાની મુલાકાતે એથિકલ ડાયમંડ ઇકોસિસ્ટમ અને જવાબદાર વેપાર માટેની મજબૂત સરકારી પ્રતિબદ્ધતાનો સીધો અનુભવ મેળવવાની મહત્વપૂર્ણ તક પુરું પાડી. મુલાકાત દરમ્યાન કુદરતી હીરાની સોર્સિંગમાં સહકાર, સુરત-બોત્સ્વાના વચ્ચે કુશળતા આદાન-પ્રદાન અને વેલ્યુ-એડિશનની દિશામાં નવી તકો અંગે સકારાત્મક ચર્ચાઓ થઈ.

# ચેમ્બર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે સરસાણા ખાતે સુરત ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ષ્પો ‘સીટેક્ષ– ૨૦૨૫’ સફળતાપૂર્વક યોજાયું




**ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી નવી મશીનરી અને આધુનિક ટેકનોલોજી સાથે આગામી સમયમાં સુરતના વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ ફાળો આપશે, પી.એમ. મિત્રા પાર્ક માટે ભારતના કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ તથા ગુજરાતના ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી સતત મીટિંગો કરી રહ્યા છે : સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણી**



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે યોજાતી પ્રદર્શનોની શ્રેણી અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ના ત્રીજા વિશાળ પ્રદર્શન તરીકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ષ્પો 'સીટેક્ષ- ૨૦૨૫' યોજાયું હતું.

શનિવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સીટેક્ષ એક્ષ્પોનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણી ઉદ્‌ઘાટક તરીકે પધાર્યા હતા અને તેમના વરદ હસ્તે સીટેક્ષ એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ઝિબિશન સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી તેમજ સુરતના ઉદ્યોગોના વિકાસ અને વૈશ્વિક કનેક્ટિવિટીને ગતિ આપતું મહત્વપૂર્ણ માધ્યમ છે. સુરત શહેર ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં દેશનો લીડર છે અને આવનારા સમયમાં આધુનિક મશીનરી અને નવી ટેકનોલોજીને કારણે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં મોટા પાયે પરિવર્તન આવશે. ઉદ્યોગકારો દ્વારા અપનાવવામાં આવતી નવીનતા સુરતને વૈશ્વિક ટેક્ષ્ટાઇલ હબ તરીકે વધુ સશક્ત બનાવશે.

સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી નવી મશીનરી અને આધુનિક ટેકનોલોજી સાથે આગામી સમયમાં સુરત શહેરના વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ ફાળો આપશે. સુરત નજીક પી.એમ. મિત્રા પાર્ક માટે ભારતના કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ તથા ગુજરાતના ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી સતત મીટિંગો



**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા સુરતના શહેરના મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી**



**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**




ઉદ્યોગ સાહસિકોને સંબોધતા ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા



કરી રહ્યા છે. બુલેટ ટ્રેન, દિલ્હી-મુંબઈ કોરિડોર, હજીરા ખાતે બંદરની ઝડપી વિકાસ પ્રક્રિયા અને સુરત એરપોર્ટ પર આગામી ૪૮ નવી ફ્લાઈટ્સ, આ બધા કામોને કારણે સુરત આગામી સમયમાં દેશના સૌથી વધુ કનેક્ટિવ સિટીમાં રૂપાંતરિત થશે. તેમણે જણાવ્યું હતું કે, આગામી ત્રણ-ચાર મહિનામાં સુરતમાંથી ૧૦૦ ફ્લાઈટ્સનું સંચાલન થવાનું આયોજન છે.

મેયરશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી પાંચ વર્ષમાં સુરતનું જીડીપી ડબલ થશે, કારણ કે સુરત જેટલું કનેક્ટીવિટી નેટવર્ક દેશના અન્ય કોઈ શહેર પાસે નથી. તેમણે કહ્યું હતું કે, સુરતનો સૂર્ય મધ્યાહ્ને તપી રહ્યો છે, જેનો અર્થ છે કે સુરત વિકાસની શિખર પર આગળ વધી રહ્યું છે. સુરતના યુવાઓ અને ઉદ્યોગકારો સતત નવા ઇનિશિયેટિવ લઈ રહ્યા છે તે બાબતે તેમણે પ્રશંસા વ્યક્ત કરી હતી. ચેમ્બર ઉદ્યોગોના વિકાસ માટે જે રીતે સક્રિયતાપૂર્વક વિવિધ એક્ઝિબિશનો અને કાર્યક્રમો આયોજિત કરે છે, તેના માટે તેમણે ચેમ્બરને અભિનંદન આપ્યા હતા.

તેમણે ગૌરવ સાથે ઉમેર્યું હતું કે સુરત શહેરને ભારત વર્ષની નંબર-વન સિટી કહેવાનું કારણ એ છે કે છેલ્લા દોઢ વર્ષમાં સુરત શહેરે ૧૫ નેશનલ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. દેશમાં વાયુ સર્વેક્ષણ અને પાણી સ્વચ્છતા તેમજ ગુજરાત રાજ્યમાં રેઈન વોટરને ભૂગર્ભમાં ઉતારવાના મોડેલમાં સુરત પ્રથમ નંબરે રહ્યું છે. આવનારા સમયમાં સુરત દેશની સૌથી ઝડપી કનેક્ટિવિટી ધરાવતું શહેર બનશે.

મેયરશ્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિ માટે ભારત સરકારના રેલ્વે મંત્રી માત્ર એક જ મહિનામાં ત્રણ વખત સુરતની મુલાકાતે આવી ગયા છે. બુલેટ ટ્રેનનો સૌથી વધુ લાભ જો કોઈ શહેરને મળશે તો તે સુરતને મળશે, કારણ કે સુરતથી માત્ર એક કલાકમાં અમદાવાદ અને મુંબઈ પહોંચવાની સુવિધા ઉપલબ્ધ થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દર પંદર દિવસે કોઈ એક મહાનગરપાલિકા સુરતના મોડેલને શીખવા માટે અને અભ્યાસ કરવા માટે અહીં આવી રહે છે, જેમાં હૈદરાબાદ અને ચંડીગઢ મહાનગરપાલિકાનો પણ સમાવેશ થાય છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ઝિબિશન વર્ષોથી ઉદ્યોગોને બિઝનેસ-ટુ-બિઝનેસ પ્લેટફોર્મ પૂરું પાડતું રહ્યું છે, જેના કારણે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી તક અને નવા બજારો પ્રાપ્ત થઈ રહ્યા છે. ચેમ્બર દ્વારા આવા પ્રદર્શન અને કાર્યક્રમો દ્વારા ઉદ્યોગકારોને સતત પ્રોત્સાહન આપવાની પરંપરા આગળ પણ જળવાશે.





ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સીટેક્ષ એક્ઝિબિશનના ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર, સીટેક્ષ એક્ષ્પોના ચેરમેન શ્રી સુરેશ પટેલ તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના જોઇન્ટ સેક્રેટરી શ્રી ભાવેશ વઘાસિયા, ટ્રેઝરર શ્રી મહેન્દ્ર કુકડિયા તથા કમિટી મેમ્બર્સ શ્રી મનોજ ગઢીયા, શ્રી દિનેશ નલિયાધરા, શ્રી દિનેશ મોવલિયા અને શ્રી યોગેશ સુખડિયા, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ, એક્ઝિબિટર્સ, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ‘સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૫’માં એક્ઝિબિટર્સને જબરજસ્ત પ્રતિસાદ, આગામી છ મહિનામાં ટેક્ષ્ટાઇલ મશીનરીમાં આશરે રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના






## દેશના વિવિધ ખૂણેથી ત્રણ દિવસમાં ૩૫ હજારથી વધુ બાયર્સ અને વિઝિટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લેતા એક્ઝિબિટર્સને ઘણા સારા ઓર્ડર્સ મળ્યા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૫ સુપર હીટ રહ્યો હોવાના ફીડબેક એક્ઝિબિટર્સ તરફથી મળ્યાં હતાં. તમામ એક્ઝિબિટર્સ દેશના વિવિધ રાજ્યોના શહેરોમાંથી આવેલા બાયર્સ સમક્ષ ખૂબ જ સારી રીતે અત્યાધુનિક મશીનરીઓ પ્રેઝન્ટ કરી શકયા હતા અને તેઓને નવા બાયર્સ પણ મળ્યા હતા. દેશના વિવિધ ખૂણેથી આવેલા જેન્યુન બાયર્સ સાથે એક્ઝીબીટર્સે વન ટુ વન મિટીંગો કરી હતી, જેમાં બાયર્સે એક્ઝિબિટર્સને ઘણા સારા ઓર્ડર્સ આપ્યા હતા.

આ ઉપરાંત, લેટેસ્ટ ટેકનોલોજીની અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓ તેમજ એન્સીલરીઓ માટે જે મહત્વની ઇન્કવાયરી એક્ઝિબિટર્સને જનરેટ થઇ છે તેનું એનાલિસિસ કરવામાં આવે તો આગામી છ મહિનામાં ટેક્ષ્ટાઇલ મશીનરીઓમાં આશરે રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. કારણ કે, સીટેક્ષ એક્ષ્પોમાં ભારતમાં બનેલી અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓની સાથે સાથે અન્ય ટેકનોલોજીની અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સીટેક્ષ એકઝીબીશન્સમાં પ્રથમ દિવસે જ ૯૪૫૦ બાયર્સ, બીજા દિવસે ૧૫૩૮૦ બાયર્સ અને સોમવારે ત્રીજા દિવસે ૧૦૮૮૮ વિઝિટર્સ આ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. આમ ત્રણ દિવસ દરમ્યાન કુલ ૩૫૭૧૮ વિઝિટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લેતા તેનો બહોળો લાભ એક્ઝિબિટર્સ તેમજ સુરતની સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને મળ્યો હતો.

આ ત્રણ દિવસ દરમ્યાન દેશના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, મુંબઇ, સુરેન્દ્રનગર, સિદ્ધપુર, કોલ્હાપુર, કોલકાતા, ભિલવાડા, ઇન્દોર, ઇચ્છલકરંજી, ભાવનગર, વારાણસી, નાશિક, માલેગાવ, ડુંગરપુર, હૈદરાબાદ, અમરેલી, અબ્રામા, ઇરોડ, નવી દિલ્હી, પૂણે, ઔરંગાબાદ, કોઇમ્બતુર, તિરૂપુર, પાટણ, સોલાપુર, ઇટવા, ચેન્નાઇ, ભુજ, બિકાનેર, જોધપુર, ગાઝિયાબાદ, બકસર, અંબાલા, વીરપુર, પ્રતાપગઢ, બદરીનાથપુરી, બક્ષદ (રાજસ્થાન), બેંગ્લોર અને સિલચુરના વિઝિટર્સે એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીને રાષ્ટ્રીય સ્તરની વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગ સંસ્થાઓમાં મહત્વપૂર્ણ સ્થાન મળ્યું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની રાષ્ટ્રીય સ્તરે વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગ સંસ્થાઓમાં નિમણૂકો કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની એસોચેમ (ASSOCHAM) - એસોસિએટેટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ખાતે મેનેજિંગ કમિટીના ઈલેક્ટેડ સભ્ય તરીકે, ફિક્કી (FICCI) - ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હી ખાતે નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે, (IMC) - ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર, મુંબઈ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે અને જીસીસીઆઈ (GCCI) - ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે નિમણૂક થઈ છે.

તેમની આ નિમણૂકોના પરિણામે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને અનેક લાભ થશે, જેમ કે ઉદ્યોગોના હિતો માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆતો કરી શકાશે, જે દક્ષિણ ગુજરાતની જરૂરિયાતોને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે. વ્યાપાર અને ઉદ્યોગ માટેની નીતિનિર્માણ પ્રક્રિયામાં પ્રભાવશાળી ભાગીદારી શક્ય બનશે, જે પ્રદેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર, ભાગીદારી અને નેટવર્કિંગના નવા માર્ગો ખુલશે, જે નવી તક અને નવીનતા માટેના દરવાજા ખોલશે. આ ઉપરાંત, વિશેષ જ્ઞાન, માર્ગદર્શન તથા સંસાધનોનો લાભ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વધુ સરળતાથી પ્રાપ્ત થશે.

શ્રી નિખિલ મદ્રાસીની ઉદ્યોગ જગત પ્રત્યેની નિઃસ્વાર્થ સેવા, પ્રતિબદ્ધતા અને નેતૃત્વને પગલે તેમને આ પ્રતિષ્ઠિત નિયુક્તિઓ મળી છે. ચેમ્બર પરિવાર તથા સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ વર્ગ તરફથી શ્રી નિખિલ મદ્રાસીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે અને તેમની આગેવાનીમાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવે છે.



# ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી પર ઉદયપુર નજીક થયેલા હુમલાની ગંભીર ઘટના અંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી પર રાજસ્થાન રાજ્યમાં થયેલા હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી યોગ્ય કાર્યવાહી માટે હસ્તક્ષેપ કરવાની રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરે રજૂઆતમાં રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું છે કે તા. 26 ઓક્ટોબર, 2025ની રાત્રે લગભગ 11:30 વાગ્યે ઉદયપુર નજીક પિપળી વિસ્તારમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી અને તેમના પરિવાર પર લાકડીઓથી સજ્જ લૂંટારૂઓએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના માથા પર પ્રહાર કરીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે સમગ્ર પરિવાર ભયભીત થઈને માનસિક આઘાતમાં આવી ગયો હતો.

આ હુમલા પછી શ્રી આશિષ ગુજરાતીને તેમના પરિવારજનોએ તાત્કાલિક મદદ માટે નજીકના સુરજપોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો, પરંતુ ત્યાંના અધિકારીઓએ 'જ્યુરીસ્ડીકશન'ના કારણસર Zero FIR નોંધવાની ના પાડી હતી. ચેમ્બરે પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, Zero FIRની પદ્ધતિ ભારતભરમાં સ્વીકારેલી છે અને તે મુજબ કોઈપણ પોલીસ સ્ટેશન ગુનાની નોંધ કરી શકે છે, ભલે તે ઘટના સ્થળની હદ બહારનું હોય. અંતે ઉચ્ચ અધિકારીઓએ સહકાર આપ્યો હતો અને તેમના સહયોગથી ત્રણ દિવસ બાદ તા. 29 ઓક્ટોબર, 2025ના રોજ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

ચેમ્બર દ્વારા રાજસ્થાન સરકારના ધ્યાનમાં આ બાબત પણ લાવવામાં આવી છે કે, પિપળીથી ઉદયપુર વચ્ચે લગભગ 50 કિલોમીટરના વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક કનેકટીવિટી (Vi સર્વિસ) ન હોવાને કારણે પીડિત પરિવાર તાત્કાલિક મદદ મેળવી શક્યો ન હતો. ઉપરાંત, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા દર્શાવેલ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર પણ અપ્રતિસાદ રહ્યો હતો, જેના કારણે પરિવાર સંપૂર્ણપણે અસમર્થ સ્થિતિમાં મૂકાઈ ગયો હતો.

ચેમ્બરે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે, ઘટનાની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, દોષિતોને ઝડપીને કાયદેસર સજા આપવામાં આવે અને Zero FIR નોંધવામાં ઉદાસીનતા દાખવનારા પોલીસ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત, રાજ્યના હાઈવે અને પ્રવાસન માર્ગો પર સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવે. સાથે સાથે ચેમ્બરે મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી, ઈમરજન્સી હેલ્પલાઈન પ્રતિસાદ અને હાઈવે કમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાની પણ માંગણી કરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટના કોઈ સાથે ન બને.

ચેમ્બરે વધુમાં જણાવ્યું છે કે, થોડા સમય પહેલાં જ રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીએ સુરતની મુલાકાત લઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને રાજસ્થાનમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઉદ્યોગ જગતના વિશ્વાસને આઘાત પહોંચાડે છે અને રાજસ્થાનની 'સેફ એન્ડ ઈન્વેસ્ટર ફ્રેન્ડલી' છબીને પણ અસર કરે છે.

# ઓમાન ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ SGCCIની મુલાકાતે



ઓમાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ અને હાલમાં તેના બોર્ડ મેમ્બર તેમજ ઓમાનના અગ્રણી ઉદ્યોગ સાહસિક શ્રી રેડા જુમા મોહંમદ અલી અલ-સાલેહે બુધવાર, તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

એસજીસીસીઆઈની ગ્લોબલ કનેકટ પહેલના ભાગરૂપે તેમણે ચેમ્બરની મુલાકાત લઇ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તથા ઓફિસ બેરર્સની સાથે ભારત અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત-ઓમાન વચ્ચે બિઝનેસ સહયોગ અને પીપલ ટુ પીપલ સંપર્ક વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ઓમાનમાં રોકાણની તકો, ઉદ્યોગો સ્થાપવા માટે મળતા પ્રોત્સાહનો બાબતે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી રેડાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, ભારત અને ઓમાન વચ્ચે મુક્ત વેપાર સમજૂતી અંતિમ તબક્કામાં છે અને આ વર્ષના અંત સુધીમાં તેના પર હસ્તાક્ષર થઈ જશે. તેનાથી બંને દેશો વચ્ચેનો વેપાર બમણો થઈ જશે. તેમણે સૂચવ્યું કે, અમેરિકી ટેરિફને કારણે ભારતીય એક્ષ્પોર્ટર્સ ખાસ કરીને ટેક્ષ્ટાઈલના એક્ષ્પોર્ટર્સને ફટકો પડયો છે. ઓમાન અને અમેરિકા વચ્ચે પહેલેથી મુક્ત વેપાર સંધિ થયેલી છે, આથી ભારતીય ખાસ કરીને દક્ષિણ ગુજરાતના એક્ષ્પોર્ટર્સ વાયા ઓમાન થઈને અમેરિકા એક્ષ્પોર્ટ કરી શકે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઓમાન ફ્રી ટ્રેડ ઝોન પણ ધરાવે છે, ઓમાનમાં ઘણા મોટા બંદરો છે, જેમાં સોહર બંદર, સલાહા બંદર, ડુકમ બંદર અને મસ્કતમાં પોર્ટ સુલતાન કાબૂસનો સમાવેશ થાય છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર માટે મુખ્ય દરિયાઇ નેટવર્ક બનાવે છે.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળે નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેક્રેટરીને પ્રિ–બજેટ મેમોરેન્ડમ આપી જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને સીએ રાજીવ કપાસિયાવાલાએ સોમવાર, તા. ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેક્રેટરી નિલમ શામી રાવ (IAS)ને મળીને પ્રિ-બજેટ મેમોરેન્ડમ આપી ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા હતા.

ચેમ્બરના પ્રતિનિધિમંડળ દ્વારા નવી દિલ્હી ખાતે ભારત સરકારના એમએસએમઇ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને રૂબરૂ મળીને એમએસએમઇ સંદર્ભે રજૂઆત કરી હતી. ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, હાલના એમએસએમઇ એક્ટના સેકશન ૧૫માં માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝની વ્યાખ્યામાં ટ્રેડર્સ અને રિટેલર્સનો પણ સમાવેશ કરવામાં આવે, જેથી કરીને ઈન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)ના પ્રાવધાનનો લાભ ટ્રેડર્સને પણ મળી શકે. ઈન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)નું પ્રાવધાન જે હેતુથી કરવામાં આવ્યું હતું તે હેતુ ફળીભૂત થતો ન હોવાથી ચેમ્બર દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ચેમ્બરના પ્રતિનિધિમંડળે એમએસએમઇ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને સુરત ખાતે ચેમ્બરની મુલાકાત લેવા તેમજ સુરતના ઉદ્યોગ સાહસિકોને Mutual Credit Guarantee Scheme for MSMEs (MCGS-MSME) અંગે માર્ગદર્શન આપવા આમંત્રણ આપ્યું હતું, જે અંગે તેઓએ સકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિમંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના આયુષ મંત્રાલયના સેક્રેટરી શ્રી વૈદ્ય રાજેશ કોટેચા (IAS) સાથે પણ મુલાકાત કરી હતી.



## ચેમ્બરના પ્રતિનિધિમંડળે MSME મંત્રાલયના સેક્રેટરીને MSME એક્ટના સેકશન ૧૫માં માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝની વ્યાખ્યામાં ટ્રેડર્સ અને રિટેલર્સનો સમાવેશ કરવા રજૂઆત કરી

# શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને આમંત્રણ




શ્રીલંકાની રાજધાની કોલંબોમાં તા. ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૨૫માં સિલોન ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ યોજાઈ રહી છે. આ અંગે સિલોન ચેમ્બર ઓફ કોમર્સ, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પદાધિકારીઓ સાથે ઓનલાઈન બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને અન્ય ઉદ્યોગ સાહસિકો પણ જોડાયા હતા.

પશ્ચિમ ભારત માટે શ્રીલંકાના કોન્સુલ જનરલ સુશ્રી પ્રિયંકા વિક્રમાસિંગેએ ઓનલાઈન મીટમાં સૌને આવકાર્યા હતા. શ્રીલંકા એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ, શ્રીલંકા બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા શ્રીલંકામાં વેપાર અને આર્થિક તકો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. સિલોન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ સમિટ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો તેમાં ભાગ લે, મુલાકાત લે એ માટે તેઓને આમંત્રણ પાઠવ્યું હતું.

આ ઓનલાઈન મીટિંગ દરમ્યાન પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ ભારતથી શ્રીલંકામાં મુખ્યત્વે કઈ કઈ વસ્તુઓ એક્ષ્પોર્ટ થાય છે, શ્રીલંકા ભારતમાં મુખ્યત્વે કઈ કઈ વસ્તુઓનું એક્ષ્પોર્ટ કરે છે એના વિશે માહિતી માગી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને શ્રીલંકા વચ્ચે DTTA (બેવડા કર નિવારણ સમજૂતી) થયેલી છે એ અંતર્ગત શ્રીલંકામાં ભારતીય ઉદ્યોગ સાહસિકોને કઈ વિશેષ સવલતો અને પ્રોત્સાહન મળે એની માહિતી માગી હતી. તેમણે શ્રીલંકામાં હાલ કેટલું એફડીઆઈ આવી રહ્યું છે અને મહત્તમ કયા દેશોમાંથી આવે છે તેની પણ માહિતી માગી હતી.

એસજીસીસીઆઈના ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે ચેમ્બર અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો વિશે માહિતી આપી હતી. મુંબઈમાં શ્રીલંકાના કોન્સ્યુલેટ જનરલ સુશ્રી શિરાની અરિયારાઠનેએ આભારવિધિ કરી હતી. સિલોન ચેમ્બરે કહ્યું કે આ સમિટ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ બની રહેશે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પિટિટિવનેસ' વિષે વર્કશોપ યોજાયો



## ઉદ્યોગોને માર્કેટ, ટેકનોલોજી અને સ્કીલ સંબંધિત જે કઇ મુશ્કેલીઓ આવી રહી છે તેની માહિતી તથા મુશ્કેલીઓના નિવારણ માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો લેવાઇ રહ્યા છે, આ સંદર્ભે ડોકયુમેન્ટ બનાવવામાં આવશે અને તેના આધારે ઉદ્યોગો માટે પોલિસીનું ઘડતર કરાશે : સુશ્રી અંકિતા પાંડે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સેમિનાર હોલ- એ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પિટિટિવનેસ' વિષે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવી દિલ્હીથી ભારત સરકારના માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ વિભાગના ડિરેક્ટર સુશ્રી અંકિતા પાંડે તથા અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઈન્ટ ડિરેક્ટર શ્રી મનોજ કુમાર વત્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે MSME ઉદ્યોગોએ ખર્ચમાં ઘટાડો અને કાર્યક્ષમતા વધારવી અત્યંત આવશ્યક છે. ચેમ્બર હંમેશા ઉદ્યોગકારોના હિતમાં વિવિધ કાર્યક્રમોના આયોજનની પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને MSME ક્ષેત્રના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

ભારત સરકારના MSMEના ડિરેક્ટર સુશ્રી અંકિતા પાંડેએ જણાવ્યું હતું કે, ઉદ્યોગકારો ડોમેસ્ટીક અને ગ્લોબલ માર્કેટમાં સારું પરફોર્મન્સ કરી રહ્યા છે, પરંતુ તેઓ વૈશ્વિક કક્ષાએ હજી સારું યોગદાન આપી શકે તેમ છે. MSME ના અધિકારીઓ વિવિધ કલસ્ટરમાં જઈને ઉદ્યોગ સાહસિકોને કયા કયા પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે એના વિષે માહિતી મેળવી રહ્યા છે. ઉદ્યોગોને માર્કેટ, ટેકનોલોજી અને સ્કીલ સંબંધિત જે કઇ મુશ્કેલીઓ આવી રહી છે તેના વિષે તથા તેના નિવારણ માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો પણ લેવાઇ રહ્યા છે. આ સંદર્ભે ડોકયુમેન્ટ બનાવવામાં આવશે અને તેના આધારે ઉદ્યોગો માટે યોગ્ય પોલિસીનું નિર્માણ કરાશે.

અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઈન્ટ ડિરેક્ટર શ્રી મનોજ કુમાર વત્સે સુરતના ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં કોસ્ટ મેનેજમેન્ટ અને સ્પર્ધાત્મકતા જાળવવા માટે મલ્ટીપલ મેન્યુફેક્ચરિંગ યુનિટ લગાવવાની સલાહ આપી હતી. તેમણે કન્સલ્ટેશન નોટમાં ઉદ્યોગ સાહસિકોને



**ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ભારત સરકારના MSME ના ડિરેક્ટર સુશ્રી અંકિતા પાંડે**



**અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઈન્ટ ડિરેક્ટર શ્રી મનોજ કુમાર વત્સ**

વ્યવસાયમાં પડી રહેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ અંગેની માહિતી આપવા અનુરોધ કર્યો હતો.

ફિક્કી- CMSMEના પ્રમુખ શ્રી ગિરીશ લુથરા, સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી અમિત કોરાટ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર- સુરતના જોઈન્ટ કમિશનર શ્રી જે.બી. દવેએ સુરતના ઉદ્યોગ સાહસિકોને નીતિ આયોગના રોડમેપ વિષે જાણકારી આપી હતી.

ચેમ્બરની MSME કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે સમારોહનું સંચાલન કરી વર્કશોપમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સાથે જ ઓપન હાઉસ ડિસ્કશનમાં સવાલ - જવાબ સેશનનું સંચાલન કર્યું હતું.

વર્કશોપ દરમ્યાન ટેકનિકલ સેશન યોજાયું હતું, જેનું સંચાલન અમદાવાદના એમએસએમઈ ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી બ્રિજેશ કુમાર સ્વર્ણકરે કર્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ ટેકનિકલ સેશનમાં ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ગુજરાત અને રાજસ્થાનના નેશનલ એસસી એસટી હબના ઈન્ચાર્જ શ્રી કુલદીપ સિંઘ રાજપુતે એસસી એસટી ઉદ્યોગ સાહસિકો માટે સરકારની વિવિધ યોજનાઓ વિષે માહિતી આપી હતી.

અમદાવાદના MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી ઉમેશ શર્માએ MSME મંત્રાલયની ઉદ્યોગ સાહસિકો માટેની વિવિધ યોજનાઓ વિષે જાણકારી આપી હતી. બીએમડી કન્સલ્ટન્સીના પ્રોપરાઈટર શ્રી તિપુલ માંગુકિયાએ ZED અને MCLS સ્કીમ વિષે માહિતી આપી હતી.

સિડબીના ડીજીએમ શ્રી આકાશ સુમને GIFT અને SPICE સ્કીમ્સ વિષે જાણકારી આપી હતી. બેંક ઓફ બરોડાના ડીજીએમ શ્રી નિર્મલ પટેલે MSME ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતા ફાયનાન્સ વિષે માહિતી આપી હતી.

ડીજીએફટીના આસિસ્ટન્ટ શ્રી પ્રેમકુમાર સોનકુસરેએ ભારતની ફોરેન ટ્રેડ પોલિસી અને ઈન્ડિયા - યુકે સેટા વિષે ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત માહિતી આપી હતી.

જીએસટી સુરતના જોઈન્ટ કમિશનર સુશ્રી કે.જી. ઠક્કરે વ્યવસાયિકોને જીએસટી સંદર્ભે માહિતી આપી હતી. એસએલબીસીના સુશ્રી વીના કે. શાહે MSME વ્યવસાયિકોને સંબોધ્યા હતા.

જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલે ઉદ્યોગકારોને ઉદ્યોગ અને પર્યાવરણ સંબંધિત બાબતો વિષે માર્ગદર્શન આપ્યું હતું. બીઆઈએસ સુરતના જોઈન્ટ ડિરેક્ટર શ્રી નિખિલ રાજે બીઆઈએસ વિષે માહિતી આપી હતી. પાવરલુમ સર્વિસ સેન્ટર સુરતના આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી નિલય પંડ્યાએ ટેક્ષ્ટાઈલ મંત્રાલયની વિવિધ યોજનાઓ વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગ્રૂપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલા, ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગ સાહસિકોના MSME સંબંધિત વિવિધ સવાલોના અધિકારીઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ વર્કશોપનું સમાપન થયું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં 'પ્રકૃતિ- આયુષ કોન્ક્લેવ ૨૦૨૫' યોજાયો




## વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો :
## લોકસભા સાંસદ શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ ઓનલાઇન જોડાઇને સંદેશો આપ્યો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રકૃતિ આધારિત જીવનશૈલી, આયુર્વેદ અને વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી મંગળવાર, તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'પ્રકૃતિ- આયુષ કોન્ક્લેવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્ક્લેવમાં મુખ્ય મહેમાન તરીકે લોકસભા સાંસદ શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી ઓનલાઈન જોડાયા હતા અને તેમણે કાર્યક્રમ માટે ચેમ્બર ઓફ કોમર્સને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો.

અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય ડો. લોકેશ મુનિએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યુ હતું, જ્યારે અતિથિ વકતા તરીકે હરીદ્વારના શ્રી ભાગીરથી ધામ અને શ્રી ક્રિષ્ણયન ગૌરક્ષા શાળાના વડા સ્વામી શ્રી અશોકાનંદજી (અમૃત પ્રકાશજી)એ ધ્યાન અને યોગ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં તણાવભર્યા જીવન વચ્ચે પ્રકૃતિ સાથે જોડાવું અત્યંત જરૂરી બની ગયું છે. આ કોન્ક્લેવના માધ્યમથી સમાજમાં હેલ્થી લિવિંગ, નેચરલ હીલિંગ અને આયુષ આધારિત થેરાપી વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આપણા દેશની પ્રાચીન આરોગ્ય પરંપરા આયુર્વેદ અને યોગ દ્વારા આરોગ્ય, અધ્યાત્મ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્થાપિત કરવાનો હતો.

આચાર્ય ડો. લોકેશ મુનીએ જણાવ્યું હતું કે, માનવીને મનુષ્ય શરીર મળ્યું છે, તેનો ઉપયોગ સારા ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કરવો જોઇએ. અત્યારે લોકો માત્ર અર્થ અને કામની પાછળ દોડી રહ્યા છે. તેઓએ ધર્મ અને મોક્ષને બાજુએ મૂકી દીધા છે. લોકોએ અધ્યાત્મ અને ભૌતિકતાની વચ્ચે સંતુલન લાવવું પડશે. એના માટે લોકોએ ધ્યાન અને યોગ કરવા પડશે. લોકોએ પ્રકૃતિનું સન્માન કરવાનું શીખવું પડશે. લોકો ભૌતિક શિક્ષા પર ધ્યાન આપે છે ત્યારે તેઓએ શારીરિક શિક્ષા પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

સ્વામી શ્રી અશોકાનંદજીએ જણાવ્યું હતું કે, માત્ર મનુષ્ય શરીરથી જ સાધના કરી શકાય છે. આધ્યાત્મિક ચેતનાથી પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી સાધના અને સાધનાના માધ્યમથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આજ્ઞા ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી સાતેય ચક્ર એકટીવ થઇ જાય છે. ધ્યાનની સાધનાથી સંકલ્પ શકિત પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી ઊર્જા પ્રાપ્ત થાય છે, આથી તેઓએ બધાને સવાર - સાંજ ધ્યાન કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, આજના યુગમાં મનુષ્યનું શરીર રોગી બનતું જાય છે, જેથી મનુષ્યએ રોગી નહીં પણ યોગી બનવું જોઇએ. મનુષ્ય એ કર્મયોગી પણ બની શકે છે અને ભકતયોગી પણ બની શકે છે.



ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા



અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશ મુની



હરીદ્વારના શ્રી ભાગીરથી ધામ અને શ્રી ક્રિષ્ણાયન ગૌરક્ષા શાળાના વડા સ્વામી શ્રી અશોકાનંદજી

**લોકોએ ભૌતિક શિક્ષાની સાથે સાથે શારીરિક શિક્ષા પર પણ ધ્યાન આપવાની જરૂર છે, અધ્યાત્મ અને ભૌતિકતાની વચ્ચે સંતુલન લાવવું પડશે : આચાર્ય ડૉ. લોકેશ મુનિજી**

**મનુષ્યએ રોગી નહીં પણ કર્મયોગી અને ભકતયોગી બનવું જોઇએ, ધ્યાન સાધનાથી કોઇપણ સંકલ્પશકિત પ્રાપ્ત કરી શકાય છે : સ્વામી શ્રી અશોકાનંદજી**

શાકુંત આશ્રમના ડિરેક્ટર સુશ્રી કવિતા ગુપ્તાએ સાઉન્ડ થેરપી સંદર્ભે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મન્શાલીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ડૉ. મન્શાલીએ પ્રકૃતિ-આયુષ કોન્કલેવનો કોન્સેપ્ટ બનાવ્યો હતો અને આ કોન્સેપ્ટને લોકો સુધી પહોંચાડવા માટે એમનો સિંહફાળો રહ્યો હતો. આ કાર્યક્રમની સફળતા માટે હોલિસ્ટીક મેડિસીન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા તેમને ફાઉન્ડેશનના લાઇફ મેમ્બર બનાવવામાં આવ્યા હતા. ડૉ. મન્શાલીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને સ્વસ્થ જીવન જીવવું એ જ સાચા અર્થમાં આયુષનો મંત્ર છે.

રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી પ્રોફેસર ડૉ. દીપક રાઉતે ૧૧/૧૧ ના દિવસે ૧૧:૧૧ કલાકે મેનીફેસ્ટેશન ગ્લોબલ કોન્શિયનેસ વિષે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી શ્રી ચિરાગ ગજ્જરે કોન્કલેવમાં ઉપસ્થિત ૭૦૦થી વધુ વ્યકિતઓને ઓરા ક્લિનિંગ અને ૭ ચક્રાસ બેલેન્સિંગ કરાવ્યું હતું.

ચેમ્બર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં એકજ સ્થળે વધુમાં વધુ વ્યકિતઓને આ અનોખી પ્રવૃત્તિ દ્વારા રેકી હિલીંગ કરાવવા માટે વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ-ઈંગ્લેન્ડ દ્વારા ડૉ. ચિરાગ ગજ્જરને વર્લ્ડ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શ્રી સાઇ યોગ એન્ડ રેકી હિલીંગ સેન્ટર- સુરતને સિફા બુક ઓફ રેકોર્ડ્સ ઇન્ટરનેશનલ સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવ અંતર્ગત ૨૦થી વધુ સ્ટોલ ધરાવતું મેગા એક્ઝિબિશન પણ યોજાયું હતું, જેમાં આયુષ પ્રોડક્ટ્સ, હર્બલ



વેલનેસ, નેચરલ લાઈફસ્ટાઈલ, હેલ્થકેર ઈનોવેશન અને હર્બલ પ્રોડક્ટસનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કોન્ક્લેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના સભ્યો અને નાગરિકો મળી ૭૦૦થી વધુ વ્યકિતઓ કોન્ક્લેવમાં ઉપસ્થિત રહ્યા હતા. ગ્રૂપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને આયુષ કમિટીના કો-ચેરમેન ડો. નિપેશ પટેલે મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષના પરિચય આપ્યા હતા. આયુષ કમિટીના કો-ચેરપર્સન ડો. પારૂલ પટેલે કાર્યક્રમના અંતે કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા. આયુષ કમિટીના ડો. વિશાલ શાહ અને ડો. શિલ્પા અગ્રવાલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# રોડ સેફ્ટી અવેરનેસ અભિયાન અંતર્ગત પાંડેસરાના ઔદ્યોગિક વિસ્તારમાં કામદારોની જાનની સલામતી માટે સાયકલો તથા ટેમ્પો મળી ૧૦૦૦ રેટ્રો રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવાના હેતુસર સોમવાર, તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ થી ૭:૩૦ કલાક સુધી પ્રમુખ પાર્ક ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, પાંડેસરા-ભેસ્તાન વચ્ચે, ઉધના-નવસારી મેઈન રોડ, સુરત ખાતે સાયકલ રેટ્રો રિફ્લેક્ટર અને ટૂ-વ્હીલર રોડ સેફ્ટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના આ ઉપક્રમે રોડ સેફ્ટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતો અંગે જાગૃતિ ફેલાવવાનો છે. ખાસ કરીને સાયકલચાલકો, ટૂ-વ્હીલર અને ટેમ્પો ચાલકોને રાત્રિના સમયે વાહન પર રેટ્રો રિફ્લેક્ટર લગાવવાના મહત્વ વિશે સમજાવવામાં આવ્યા હતા. કામદારોની જાનની સલામતી માટે તેઓની સાયકલો અને થ્રી વ્હીલ ટેમ્પો મળી ૧૦૦૦ રેટ્રો રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા હતા, જેથી માર્ગ અકસ્માતોની સંભાવના ઘટે.

ચેમ્બર ઓફ કોમર્સ હંમેશા સામાજિક જવાબદારી હેઠળ વિવિધ જાહેર હિતના ઉપક્રમો હાથ ધરીને સુરતના નાગરિકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરતી રહી છે. જેના ભાગ રૂપે ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સાયકલો પર રેટ્રો રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા હતા. આ અભિયાનમાં ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા તથા સભ્યો જોડાયા હતા. આ અભિયાનમાં સ્થાનિક પોલીસનો પણ સહકાર મળ્યો હતો.

# સાર ઈન્ફ્રાકોન અને ચેમ્બર ઓફ કોમર્સના સરસાણા સ્થિત સેમિનાર હોલ- Aને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ નામ અપાયું




સાર ઈન્ફ્રાકોન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર કેમ્પસમાં આવેલા સેમિનાર હોલ- A માટે નામકરણ સમારોહ યોજાયો હતો. સેમિનાર હોલ- Aને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ તરીકે નામ આપવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઈ.જે. દેસાઈએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઈ.જે. દેસાઈએ મિત્ર તરીકે ઉષાકાંત કંચનલાલ મારફતિયાની સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા.

સમારોહ દરમિયાન ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનીકાંત મારફતિયા તથા શ્રી આઈ.જે. દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મારફતિયા પરિવારના સભ્યો શ્રીમતી





વિભાબેન મારફતિયા અને શ્રી રજનીકાંત મારફતિયાએ પરિવારના વરિષ્ઠ સભ્ય ઉષાકાંત મારફતિયાના સ્મરણોને તાજા કર્યા હતા.

સાર ઈન્ફ્રાકોનના ચેરમેન શ્રી ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, સુરતના ઔદ્યોગિક વિકાસમાં ચેમ્બરની ભૂમિકા અદ્‌ભૂત રહી છે અને મારફતિયા પરિવારનું યોગદાન હંમેશા યાદગાર રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, આ હોલનું નામકરણ તેમના યોગદાનને સમર્પિત છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર અને સાર ઈન્ફ્રાકોન વચ્ચેના સહકારથી સુરતને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે. ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, ભવિષ્યમાં અનેક અગત્યના વ્યાપારિક અને ઔદ્યોગિક કાર્યક્રમોનું કેન્દ્ર બનશે.

સાર ઈન્ફ્રાકોનના ડિરેક્ટર શ્રી અશોક શાહે સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સાર ઈન્ફ્રાકોન અને ચેમ્બરના પદાધિકારીઓ, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ, ગુજરાતના રાજ્ય કક્ષાના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઇ વાનાણી, રિલાયન્સના શ્રી હેમંત દેસાઇ અને શ્રી જે. રઘુનાથ, ઉદ્યોગ સાહસિકો, આમંત્રિતો તથા મારફતિયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. આ સમારોહમાં ચેમ્બરના મોટા ભાગના તમામ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાંથી એર કનેક્ટિવિટી મજબૂત બનાવવાની દિશામાં ચેમ્બરમાં મહત્વપૂર્ણ બેઠક



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ તાજેતરમાં જ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના ગુજરાત હેડ શ્રી પ્રદીપ પોપટની સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ હાજર રહ્યા હતા.

બેઠક દરમ્યાન સુરતમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓના વિસ્તરણ, મુસાફરોની સુવિધામાં સુધારા અને એર ઈન્ડિયાની વિસ્તૃત સેવાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં સુરત આંતરરાષ્ટ્રીય વિમાનમથકની વધતી ભૂમિકા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો, જે ગુજરાત અને પશ્ચિમ ભારતના વેપાર, ઉદ્યોગ અને પર્યટન વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સ, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ સાથે મળીને સુરતને, ગુજરાત અને પશ્ચિમ ભારત માટેનું મુખ્ય એવિએશન ગેટવે બનાવવાની દિશામાં સતત પ્રયાસો કરતા રહેશે.

# ગેઈલનો PTA મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ મેંગલોરમાં છે, પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત સમજીને તેઓ સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિશેષ લોજિસ્ટિક્સ સપોર્ટ બનાવી રહ્યા છે : ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એચ.કે. શ્રીવાસ્તવ




ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, પીટીએ ટેક્ષ્ટાઈલ વેલ્યૂ ચેઈનનું અત્યંત મહત્વનું રો-મટિરિયલ છે, ખાસ કરીને પોલિએસ્ટર યાર્ન, ફાઈબર, માટે અગત્યનું છે. સુરતના એમએસએમઈ ઉદ્યોગકારોને કાચા માલની ઉપલબ્ધતા, કિંમતો, લોજિસ્ટિક્સ અને ભવિષ્યના માર્કેટ ટ્રેન્ડસ વિશે બહુ અગત્યની જાણકારી મળી રહે તે માટે આ મીટિંગ ચેમ્બર ખાતે ગોઠવાઈ હતી.

આ મીટિંગમાં ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એચ.કે. શ્રીવાસ્તવ તથા શ્રી વિજય ચોકકર અને શ્રી અજય ચિત્રેએ તેઓના પ્રેઝન્ટેશનમાં ભારતમાં પીટીએ માટે વધતી ઘરેલું માંગ અને ભાવિ વૃદ્ધિની સંભાવનાઓ, ગેઈલના મેંગલોર સ્થિત પીટીએ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતાઓ તથા ગુણવત્તા ધોરણો, માર્કેટમાં પીટીએના ઉપયોગના નવા ક્ષેત્રો અને આધુનિક ટેકનોલોજી, સપ્લાય ચેઈનને વધુ અસરકારક બનાવવા માટે ગેઈલના ચાલતા અને આવનારા પ્રોજેક્ટ્સ અને ઉદ્યોગકારોને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થતી ગેઈલની વિતરણ વ્યવસ્થા વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

શ્રી એચ.કે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, સુરત સમગ્ર ભારતનું સૌથી મોટું ટેક્ષ્ટાઈલ હબ છે અને અહીં એમએસએમઈ ઉદ્યોગકારો સૌથી વધુ છે, આથી ગેઈલની પ્રથમ કસ્ટમર મીટ સુરતમાં રાખવાનો નિર્ણય લેવાયો હતો. ગેઈલનો પીટીએ મેન્યુફેક્ચરિંગનો પ્લાન્ટ મેંગ્લોરમાં છે અને મેંગ્લોરમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં તેઓ વેરહાઉસ ધરાવે છે, પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત સમજીને તેઓ સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિશેષ લોજિસ્ટિક્સ સપોર્ટ બનાવી રહ્યા છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સુરતના ઉદ્યોગકારોને વેરહાઉસથી સુરત સુધી પીટીએની સુવિધાજનક સપ્લાય ગોઠવીને ગેઈલ તેમની બિઝનેસ જરૂરિયાતને વધુ મજબૂત રીતે સહકાર આપી શકશે. આવતા વર્ષોમાં PTA - Polyester value chain ભારતના ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટમાં વિશેષ યોગદાન આપી શકે છે અને એના માટે ઉદ્યોગ-પીએસયુ વચ્ચે સહકાર અત્યંત મહત્વનો છે. વધુમાં તેમણે સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે ઝડપથી સપ્લાય પૂરી પાડવા માટે વેરહાઉસિંગ અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો મીટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા. ટાઈ ઈન્ડિયા (સાઉથ ગુજરાત યુનિટ)ના પ્રમુખ તેમજ ચેમ્બરની પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ કમિટીના ચેરમેન શ્રી નિરજ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પ્રોગ્રામ કન્વીનર શ્રી અરવિંદ બાબાવાલાએ અતિથિઓનો પરિચય આપ્યો હતો. જ્યારે ટાઈ ઈન્ડિયા (સાઉથ ગુજરાત યુનિટ)ના માનદ્ મંત્રી શ્રી પાવન પાનવાલાએ મીટિંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) - વેસ્ટર્ન ઝોનના પ્રતિનિધિમંડળ સાથે બેઠક મળી, બંને સંસ્થા 'સેવા સારથી પ્રોજેક્ટ'માં સાથે કામ કરવા સહમત થઇ



## સુરતના ઉદ્યોગકારોને લાભ થાય તે માટે AI, Start-up અને Labour Law Conclavesનું સંયુક્ત આયોજન કરવા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે ગુરુવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) - વેસ્ટર્ન ઝોન (WIRC)ના પ્રતિનિધિમંડળ સાથે બેઠક મળી હતી. ICAI - વેસ્ટર્ન ઝોન (WIRC)ના પ્રતિનિધિમંડળે ચેમ્બરના હોદ્દેદારો સાથે વ્યાપાર, ઉદ્યોગ તેમજ વિવિધ કાર્યક્રમો માટે એકબીજાના સહયોગ સહિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી.

ICAI - વેસ્ટર્ન ઝોન (WIRC)ના પ્રતિનિધિમંડળમાં CA કેતન સૈયા (અધ્યક્ષ, WIRC, મુંબઈ), CA પિયૂષ ચાંડક (ઉપાધ્યક્ષ), CA જીનલ સાવલા (સચિવ), CA ડૉ. ફેનિલ શાહ (ખજાનચી) અને CA જીતેન્દ્ર સાગલાણી (અધ્યક્ષ, WICASA, મુંબઈ) તેમજ સુરત બ્રાંચના CA અશ્વિન ભાઉવાલા (અધ્યક્ષ), CA રાહુલ અગ્રવાલ (ઉપાધ્યક્ષ), CA શૈલેશ લાખણકિયા (અધ્યક્ષ, WICASA, સુરત), CA પ્રીતેશ શાહ (સચિવ) અને CA ચિમ્પુ લાપસીવાલા (ખજાનચી)નો સમાવેશ થાય છે.

ICAI - વેસ્ટર્ન ઝોનના પ્રતિનિધિમંડળે ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી CA મિતીષ મોદી સાથે સુરતના ઉદ્યોગ વર્ગ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની વધતી જતી જરૂરીયાત, નાણાકીય પારદર્શિતા, કાનૂની સલાહ તેમજ ઈન્ડસ્ટ્રીઝને ભવિષ્યમાં જરૂરી સહાય અંગે ચર્ચા કરી હતી. સુરતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે સામાજિક સેવાની સાથે સાથે કોર્પોરેટ ક્ષેત્રમાં વધુ સક્રિય રીતે જોડાવાની ઉત્સુકતા પણ દર્શાવી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતિષ મોદીના પ્રયાસોથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ICAI - વેસ્ટર્ન ઝોન દ્વારા સેવા સારથી પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. ICAI - વેસ્ટર્ન ઝોનની CSR કમિટી એનજીઓ અને ચેરિટેબલ ટ્રસ્ટ માટે કાર્યરત છે. ચેમ્બર ઓફ કોમર્સની પણ CSR કમિટી છે ત્યારે બંને સંસ્થાઓની CSR કમિટી સેવાકીય કાર્યો ઉપરાંત કોર્પોરેટ વર્લ્ડ સાથેની કામગીરી સાથે મળીને કરી શકે તે માટે ચેમ્બરની

CSR કમિટીને સેવા સારથી પ્રોજેક્ટમાં જોડવા માટે CA મિતીષ મોદીએ ICAI - વેસ્ટર્ન ઝોનના અધ્યક્ષ CA કેતન સૈયાને અનુરોધ કર્યો હતો અને તેમણે આ અંગે સકારાત્મક વલણ દાખવ્યું હતું.

CA કેતન સૈયા (અધ્યક્ષ, WIRC, મુંબઈ)એ જણાવ્યું હતું કે, ICAI - વેસ્ટર્ન ઝોન દ્વારા નજીકના સમયમાં સુરતમાં AI Conclave, Start-up Conclave અને Labour Law Conclave નું આયોજન કરવામાં આવશે. સુરતના ઉદ્યોગ સાહસિકોને વિશેષ લાભ મળે તે માટે આ તમામ કોન્ક્લેવ SGCCI સાથે સંયુક્ત રીતે સુરતમાં આયોજિત કરવાનો તેમણે અનુરોધ કર્યો હતો, જેને ચેમ્બરના હોદ્દેદારોએ સ્વીકાર્યો હતો. આ કોન્ક્લેવ દ્વારા ઉદ્યોગ જગતને અને પ્રોફેશનલ્સને આધુનિક ટેક્નોલોજી, સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમ, કાનૂની બાબતો અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન મળશે.

SGCCI અને ICAI - WIRC વચ્ચે ભવિષ્યમાં પરસ્પર સહકાર વધારવા અંગે પણ વિગતવાર વિચાર-વિમર્શ થયો હતો. બંને સંસ્થાઓએ ‘Knowledge Partnership’ મજબૂત બનાવી, ઉદ્યોગ જગત અને વ્યાવસાયિક ક્ષેત્રને વધુ પ્રગતિશીલ બનાવવા સંયુક્ત પ્રયત્ન કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

# ચેમ્બર દ્વારા ‘ફૂડપ્રિન્યોર્સ– કિચનથી માર્કેટ સુધી’ વિષય પર સેમિનાર યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરુવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ‘ફૂડપ્રિન્યોર્સ- કિચનથી માર્કેટ સુધી’ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં T.Con ફૂડ પ્રોડક્ટ્સના શ્રી હિમ્મત પટેલ, મહારાણા ફૂડ્સના શ્રી નિતેશ શાહ અને રાજા બેવરેજીસ પ્રા. લિ.ના શ્રી ચંદ્રેશ રાજાએ ઉદ્યોગ સાહસિકો માટે ફૂડ ઈન્ડસ્ટ્રીમાં રહેલી બિઝનેસની તકો, માર્કેટિંગ તથા બ્રાન્ડિંગ જેવા અગત્યના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી હિમ્મત પટેલે જણાવ્યું હતું કે, વિચાર્યા વગર ચોકલેટ બનાવવાની શરૂઆત કરી અને બિઝનેસમાં આગળ વધતા ગયા હતા. જ્યારે બિઝનેસ શરૂ કર્યો ત્યારે પ્રોડક્ટ વિશે, માર્કેટીંગ વિશે કે પેકેજિંગ વિષે કશી ખબર પડતી ન હતી. બસ કઈક



**શ્રી હિમ્મત પટેલ**



**શ્રી નિતેશ શાહ**

કરી છૂટવાની ભાવના સાથે બિઝનેસમાં કુદી પડયા. કમાવવાની ભાવના સાથે પ્રોડક્ટ બનાવશો તો કદાચ એમાં સફળતા નહીં પણ મળે, પરંતુ માર્કેટમાં પ્રોડક્ટને ઉભી કરવી છે અને એને બ્રાન્ડ બનાવવાની છે એવું વિચારીને બિઝનેસ કરશો તો ચોક્કસપણે સફળતા મળશે. તેમણે કહ્યું હતું કે, પ્રોડક્ટ સાથે ખિલવાડ નહીં કરવી, સારી પ્રોડક્ટ બનાવવી અને ગ્રાહકોને સારી સર્વિસ અને ક્વોલિટી પ્રોડક્ટ આપવી. પેકેજિંગ, પ્રોડક્ટ અને સર્વિસ આ ત્રણેય સારી આપીએ તો માર્કેટમાં કોઇ હરાવી નહીં શકે.

શ્રી નિતેશ શાહે જણાવ્યું હતું કે, બિઝનેસ રૂપિયા કમાવવા માટે જ કરતા હોય છે પણ એમાં સૌથી વધારે મહત્વ પ્રોડક્ટની ક્વોલિટીને આપવો જોઇએ. ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ માત્ર શરૂઆતના તબક્કે જ નહીં પણ તેમાં સાતત્યતા જળવાયેલી રહેવી જોઇએ. બિઝનેસમાં તમારી સાથે જે જોડાયેલા હોય જેમ કે વેપારીઓ, વેન્ડર, ગ્રાહકો અને સૌથી અગત્યના કર્મચારીઓ. આ બધાની સાથે ખૂબ જ સારો વ્યવહાર રાખવો જોઇએ. માર્કેટમાં દરેક પ્રોડક્ટમાં આજે ઘણી કોમ્પિટિશન છે, પણ કોમ્પિટિશનને બદલે કોલાબોરેશનમાં કામ કરીએ તો બિઝનેસમાં ચોક્કસપણે ગ્રોથ મળે છે.

શ્રી ચંદ્રેશ રાજા પાણીના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેઓ જુદા જુદા નામે પાણીની બોટલ માર્કેટમાં વેચે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને તેમના અનુભવના આધારે ઉપયોગી જાણકારી આપી હતી. મોબાઇલનો બિઝનેસની સાથે સાથે તેઓએ પાણીનો બિઝનેસ કેવી રીતે સેટ કર્યો તેના વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ કરવા માટે આગ લાગવી જરૂરી છે. તેમણે ગ્રાહકોની જરૂરિયાતો અને સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા માટેની વ્યૂહરચનાઓ જેવી મહત્વપૂર્ણ બાબતો પર વિગતવાર ચર્ચા કરી હતી.

સ્તુતિ ફૂડ (સ્તુતિ ખાખરા)ના શ્રી યોગેશભાઇએ જણાવ્યું હતું કે, જો તમે ગ્રાહકોને ક્વોલિટી પ્રોડક્ટ અને સમયસર સારી સર્વિસ આપો તો માર્કેટીંગ કરવાની પણ જરૂર પડતી નથી. તેમણે કહ્યું કે, શરૂઆતના પાંચ વર્ષ તેઓએ માર્કેટીંગ કર્યું હતું અને છેલ્લા દસ વર્ષથી તેઓની સ્તુતિની પ્રોડક્ટ કોઇ પણ માર્કેટીંગ કરતું નથી. ફોન પર જ ઓર્ડર આવી જાય છે અને એને આધારે પ્રોડક્ટ સપ્લાય થઇ જાય છે.

ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.



**શ્રી ચંદ્રેશ રાજા**



**શ્રી યોગેશભાઇ**

# ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન– સુરતના સંયુકત ઉપક્રમે 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'ના ભાગ રૂપે અવેરનેસ કાર્યક્રમ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન- સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'ના ભાગ રૂપે ડાયાબિટીઝ માટે અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વકતાઓ તરીકે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન- સુરતના પ્રમુખ ડો. મુકુર પેટ્રોલવાલા, ડો. નિરજ સોની, ડો. અમિતા તાંબેકર, ડો. પિયુષ દેસાઇ અને ડો. કેવિન શાહે ડાયાબિટીસ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, ICMR ની વર્ષ ૨૦૨૩ની વિશ્લેષણ રિપોર્ટ અનુસાર, ૧૦૧ મિલિયન લોકોમાં ડાયાબિટીસ નિદાન થઈ ચૂક્યું છે. ૪૫ વર્ષથી ઉપરની વયના લોકોમાં લગભગ ૧૯.૮ ટકા લોકોને ડાયાબિટીસ છે, જે લગભગ ૫૦ મિલિયનથી વધુ લોકો થાય છે. ગુજરાતમાં સરેરાશ ૮ ટકા લોકો ડાયાબિટીસથી પીડાય છે, જ્યારે ૧૦.૫ ટકા લોકો પ્રી-ડાયાબિટીક છે. ગુજરાતના લોકોને ડાયાબિટીસનું પ્રમાણ ૭.૧ ટકા જેટલું નોંધાયું છે. સુરત જેવા ઝડપથી વિકસતા શહેરમાં લાઈફસ્ટાઈલ અને આહારના બદલાવને કારણે ડાયાબિટીસના કેસમાં વધારો થઇ રહ્યો છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-સુરતના પ્રમુખ ડો. મુકુર પેટ્રોલવાલાએ વિશ્વ ડાયાબિટીસ ડેના અવસરે જણાવ્યું હતું કે, ડાયાબિટીસ આજે વિશ્વભરમાં ઝડપથી વધતી જતી આરોગ્ય



ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી



ઈન્ડિયન મેડિકલ એસોસીએશન- સુરતના પ્રમુખ ડૉ. મુકુર પેટ્રોલવાલા



ડૉ. નિરજ સોની

સમસ્યા છે અને તેનું સમયસરનું નિદાન, યોગ્ય જીવનશૈલી તથા નિયમિત ચેકઅપ દ્વારા આ રોગને સંપૂર્ણ રીતે નિયંત્રિત રાખી શકાય છે. તેમણે જણાવ્યું કે, સમાજમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ લાવવી સમયની માંગ છે.

ડૉ. નિરજ સોનીએ Importance of Exercise - Stay Active and Be Fit in Diabetes વિષે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ડાયાબિટીસ નિયંત્રણ માટે નિયમિત વ્યાયામ અત્યંત આવશ્યક છે. રોજિંદી ચાલવું, યોગ, સ્ટ્રેચિંગ અને શરીરની સક્રિયતા લાંબા ગાળે બ્લડ શુગર કન્ટ્રોલ, વજન નિયંત્રણ અને હૃદયરોગના જોખમ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

ડૉ. અમિતા તાંબેકરે Functional Food in Diabetes વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ફાઈબરયુક્ત અનાજ, બીજ, નટ્સ, મિલેટ્સ અને એન્ટીઓકિસડન્ટથી સમૃદ્ધ આહાર બ્લડ શુગરને સ્થિર રાખવામાં મદદ કરે છે. યોગ્ય પોષણ ૫૦% સુધી ડાયાબિટીસ મેનેજમેન્ટને સરળ બનાવે છે.

ડો. પીયુષ દેસાઈએ Obesity - Primary Target in Diabetes Management: Upstream Approach વિષે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્થૂળતા (મોટાપો) ડાયાબિટીસનું મુખ્ય જોખમ છે. એમણે અપસ્ટ્રીમ એપ્રોચ મુજબ જીવનશૈલીમાં મૂળભૂત ફેરફાર જરૂરી હોવાનું જણાવ્યું હતું. યોગ્ય આહાર, વ્યાયામ અને વજન નિયંત્રણથી ડાયાબિટીસને નોંધપાત્ર રીતે અટકાવી શકાય છે.

ડૉ. કેવિન શાહે Know More and Do More for Diabetes at Work પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, લાંબા સમય સુધી બેસી રહેવું ડાયાબિટીસ માટે નુકસાનકારક છે. કાર્યસ્થળે નિયમિત મૂવમેન્ટ, હેલ્ધી સ્નેકસ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને સમયસર હેલ્થ ચેકઅપ જરૂરી છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલબેન વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો-ચેરમેન ડો. રાજનભાઇ દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન- સુરતના માનદ્ મંત્રી ડો. હરેશ ભાવસારે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. નિષ્ણાત તબીબી વકતાઓએ પ્રશ્નોત્તરી સેશનમાં લોકોની ડાયાબિટીસ સંબંધિત વિવિધ મુશ્કેલીઓ તેમજ મુંઝવણો દૂર કરી હતી.



ડૉ. કેવિન શાહ



ડૉ. અમિતા તાંબેકર



ડૉ. પીયુષ દેસાઈ

# ચેમ્બર દ્વારા એમએસએમઈને રૂપિયા ૫ કરોડ સુધીની કોલેટર મુક્ત લોન માટે બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું




## સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ડીજીએમ શ્રી રાજેશ કુમાર તથા અધિકારીઓએ ફટાફટ અને ઓનલાઇન લોન લિમીટ નક્કી કરતા બીઆરઈ સોફ્ટવેર વિષે વિસ્તૃત સમજણ આપી, દક્ષિણ ગુજરાતના એમએસએમઈ ઉદ્યોગકારોને લાભ લેવા અનુરોધ કરાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે સ્પેશ્યલ એસ.બી.આઈ. બેન્કિંગ પ્રોડક્ટ-બિઝનેસ રૂલ્સ એન્જિન (બી. આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ડીજીએમ શ્રી રાજેશ કુમારે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને લોન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, પરિવર્તનનો સ્વીકાર નહીં કરનાર બજારમાંથી ફેંકાઈ જતા હોય છે. એસબીઆઈ પણ સમય સાથે બદલાઈ છે અને એટલે જ સર્વસ્વીકૃત બની છે અને આજે ગ્રાહકના દ્વારે આવી છે. તેમણે ચેમ્બરની પ્રવૃત્તિઓનો પણ વિગતે ચિતાર આપ્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કહ્યું હતું કે, ટેક્ષ્ટાઈલના એમએસએમઈ ઉદ્યોગ સાહસિકોને લોન માટે અગાઉ ઘણા ધક્કા ખાવા પડતા હતા, પરંતુ હવે રૂપિયા ૫ કરોડ સુધીની લોન કોલેટરલ વિના મળે છે, તે પણ એક કલાકની અંદર. આ સુવિધાનો લાભ લેવા તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમ વિશે કહ્યું હતું કે, દક્ષિણ ગુજરાત એમએસએમઈનું હબ છે. કોવિડ- ૧૯ વખતે આરબીઆઇ સાથેની ઓનલાઈન મીટિંગમાં ચેમ્બરે ઓનલાઈન લોન મંજૂરીનું સૂચન કર્યું હતું. ત્યારબાદ ચેમ્બર દ્વારા આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર શ્રી સ્વામીનાથન જાનકીરામણને રૂબરૂ મળીને પણ નાના ઉદ્યોગકારો માટે રૂપિયા ૫ કરોડ સુધીની કોલેટર મુક્ત લોન માટે રજૂઆત કરવામાં આવી હતી. આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર તરફથી ચેમ્બરને આ સંદર્ભે ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો, આથી એસબીઆઇનું બીઆરઈ સોફ્ટવેર તેનું જ પરિણામ છે.

એસબીઆઈના ડીજીએમ શ્રી રાજેશ કુમારે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપતા જણાવ્યું હતું કે, બિઝનેસ લોન માટે એક સરસ સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે, જેમાં આવકવેરા અને જીએસટી યુઝર આઈડી અને પાસવર્ડની જ જરૂર પડે છે. કોઇ પણ માનવીય હસ્તક્ષેપ વિના કેટલી લોન મળી શકે એની લિમિટ મિનિટોમાં તૈયાર થઈ જાય છે. આ સોફ્ટવેરની વિશેષતા છે. તમે બ્રાંચ પણ સિલેકટ કરી શકો છો, આમાં કોઈ કોલેટરલની જરૂર નથી. ટર્નઓવર-બિઝનેસના




ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



ચેમ્બરના ઉપ પ્રમુખ
શ્રી અશોક જીરાવાલા

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર શ્રી સ્વામીનાથન જાનકીરામણને નાના ઉદ્યોગકારો માટે આવા પ્રકારની લોન માટે રજૂઆત કરાઇ હતી

આધારે સોફ્ટવેર લિમિટ નક્કી કરે છે. એના માધ્યમથી અમે દક્ષિણ ગુજરાતમાં ૯૦૦ જેટલી લોન મંજૂર કરી છે, જેની કુલ રકમ ૪૩૩ કરોડ થવા જાય છે. ઉદ્યોગ સાહસિકો, સપ્લાયરો તેનો પૂરો લાભ ઉઠાવે.

એસબીઆઈના અધિકારીઓએ બીઆરઈની વિશેષતાઓ સમજાવતા કહ્યું હતું કે, લોન લિમિટ માટે એઆઈ ડ્રિવન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, વ્યાજદર ૮.૪૦ ટકાથી શરૂ થાય છે. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે વિશેષ પ્રોત્સાહનો પણ છે. કેશ ક્રેડિટ ફાસ્ટ મળે છે. એમએસએમઈ માટે એસબીઆઈ વેબસાઈટ પણ બનાવી આપે છે. ઉદ્યોગોને કેપ્ટિવ-નોન કેપ્ટિવ સોલર પાર્ક સ્થાપવા માટે લોનની સમજણ પણ આપવામાં આવી હતી. એસબીઆઈએ સુરત ટેક્ષ્ટાઇલ માટે ક્લસ્ટર પણ શરૂ કર્યું છે, જેમાં રૂપિયા ૫ કરોડથી ઉપરની લોન માટે પણ વિશેષ પ્રોડક્ટસ છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ દ્વારા બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર વિગતવાર ટેકનિકલ પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં ડિજિટલ દસ્તાવેજીકરણ, સ્વચાલિત જોખમ આકારણી અને રિઅલ ટાઈમ ધિરાણ નિર્ણય જેવી સુવિધાઓ સમજાવવામાં આવી હતી. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ ઓન ધ સ્પોટ લોન મંજૂરી વિશે પણ સમજણ આપી હતી.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ શ્રી હરીશ જૈન, શ્રી વિકાસ કુમાર, શ્રી રીની સિંઘ, શ્રી દેશ દીપક, એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની બેન્કિંગ (નેશનલાઈઝ્ડ એન્ડ પ્રાઈવેટ) કમિટીના ચેરમેન સીએ વિપુલ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એસબીઆઈના અધિકારીઓ દ્વારા સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોના વિવિધ પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતા.




ચેમ્બરના માનદ્ ખજાનચી
સીએ મિતિષ મોદી




એસબીઆઈના ડીજીએમ
શ્રી રાજેશ કુમાર

# નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, નવી દિલ્હીના ડિરેક્ટર સાથે ઓનલાઇન મીટિંગ યોજાઇ, MSMEs સહિતના ઉદ્યોગો માટે વિવિધ રજૂઆતો કરાઇ




નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (NCGG), નવી દિલ્હીના ડિરેક્ટર ડો. સુરેન્દ્રકુમાર બગડે (IAS) સાથે ગુરૂવાર, તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI), ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તેમજ ગુજરાતની અનેક અગ્રણી એસોસિએશનોની ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ ઓનલાઇન બેઠક યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સ તરફથી ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પોલીક દેસાઈએ ભાગ લઇ ગુજરાતમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રભાવિત કરતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર રજૂઆતો કરી હતી.

ઓનલાઇન બેઠકમાં નીચેના મહત્વપૂર્ણ મુદ્દાઓ સંદર્ભે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

૧. પ્રોફેશનલ ટેક્ષ દૂર કરવાની માંગઃ- પ્રોફેશનલ ટેક્ષની રકમ અત્યંત નગણી હોય છતાં તેનો દર મહિને કોમ્પ્લાયન્સ કરવો પડે છે, જેના કારણે MSMEs સહિતના ઉદ્યોગોને અનાવશ્યક પ્રશાસનિક બોજ વેઠવો પડે છે, આથી ચેમ્બરે પ્રોફેશનલ ટેક્ષને સંપૂર્ણપણે દૂર કરવાની ભલામણ કરી હતી, જેથી ઉદ્યોગોનો સમયનો બગાડ અને વ્યવહારિક બોજ હળવો થાય.

૨. ગુજરાત ગ્રીન એનર્જી - ઓપન એક્સેસ રેગ્યુલેશન્સ હેઠળ ૩૦ ટકા બેન્કિંગ અંગે સ્પષ્ટતાઃ- વર્ષોથી વિવાદિત ચાલતા મુદ્દા હેઠળ, કુલ કન્ઝમ્પશનમાંથી ઓછામાં ઓછું ૩૦ ટકા બેન્કિંગના ક્લોઝનું વિવિધ રીતે અર્થઘટન કરવામાં આવે છે, જેના કારણે MSME સેક્ટરમાં રિન્યુએબલ એનર્જીમાં કરેલું રોકાણ અડચણમાં આવે છે.

ચેમ્બરે વિનંતી કરી હતી કે, આ ક્લોઝ અંગે સ્પષ્ટ વ્યાખ્યા જાહેર કરવામાં આવે, જેથી MSME ઉદ્યોગો નિર્ભયતાથી રોકાણ કરી શકે અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં વૃદ્ધિ થઇ શકે.

૩. ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી હેઠળ સમય મર્યાદા વધારવાની જરૂરિયાતઃ- ૧ મેગા વોટથી ૧૦૦ મેગા વોટ સુધીની રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ટેકનિકલ ફિઝિબિલિટી રિપોર્ટ પ્રાપ્ત થયા બાદ જરૂરી એપ્રુવલ્સ માટે વધારાની સમય મર્યાદા મળવી જરૂરી હોય છે. અગાઉ આ સમય મર્યાદા ઓછી - વત્તા કરવાની સત્તા GUVNL પાસે હતી, પરંતુ હવે GERC પાસે હોવાથી ઘણા મહિનાઓ લાગી જાય છે, જેને કારણે પ્રોજેક્ટ્સ અટકી જાય છે અને તેને કારણે ઉદ્યોગોને નાણાંકીય નુકસાન થઈ શકે છે.

આથી, ચેમ્બરે વિનંતી કરી હતી કે, પોલિસીમાં સુધારો કરી સમય મર્યાદા વધારવાની સત્તા ફરીથી એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ અથવા GUVNLને આપવામાં આવે, જેથી MSME તથા અન્ય ઉદ્યોગોના પ્રોજેક્ટ અમલીકરણ સરળતાથી થઈ શકે.

ડો. સુરેન્દ્રકુમાર બગડેએ તમામ મુદ્દાઓને ગંભીરતાથી સાંભળી સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરી યોગ્ય પગલાં લેવા અંગે આશ્વાસન આપ્યું હતું. ચેમ્બર તથા અન્ય એસોસિએશનોએ આશા વ્યક્ત કરી હતી કે રજૂ કરાયેલા મુદ્દાઓ પર યોગ્ય પગલાં લેવાશે, જેથી ગુજરાતમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ વધારે મજબૂત બને અને MSME સેક્ટરને ગતિ મળી શકે.

# ચેમ્બર ખાતે એર ઈન્ડિયાના વેસ્ટ ઝોન કાર્ગો ઓપરેશન્સ હેડ શ્રી મહેશ ગણેશન સાથે ઈન્ટરનેશનલ કાર્ગો સંદર્ભે મહત્વની ચર્ચાઓ થઇ




શહેરના વાયુ વણિજ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રગતિ તરફ એક વધુ પગલું ભરાયું છે. એર ઈન્ડિયાના વેસ્ટ ઝોન કાર્ગો ઓપરેશન્સ હેડ શ્રી મહેશ ગણેશને સુરતની મુલાકાત લીધી હતી અને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પ્રેશિયસ ઈન્ટરનેશનલ કાર્ગો ઓપરેશન્સ શરૂ કરવાનો પ્રારંભિક પ્રક્રિયાત્મક અભ્યાસ અને ચર્ચાઓ કરી હતી. આ મુલાકાતને સુરતમાંથી આંતરરાષ્ટ્રીય કાર્ગો હેન્ડલિંગને નવી દિશામાં મૂકવાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ સમગ્ર પ્રક્રિયામાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કેન્દ્રિય ભૂમિકા રહી હતી. ચેમ્બર ઓફ કોમર્સ ખાતે તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી બેઠકમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તથા ચેમ્બરની એવિએશન/એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ હાજર રહ્યા હતા. સુરતમાંથી આંતરરાષ્ટ્રીય કાર્ગો સુવિધાઓ સુધારવા અને કાર્ગો હબ તરીકે શહેરને ઊભું કરવા માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ છે.

આ મુલાકાતને સુરતના વેપાર, ઉદ્યોગ અને નિકાસકારો માટે એક મોટા અવસર તરીકે જોવામાં આવી રહી છે. પ્રેશિયસ કાર્ગો ઓપરેશન્સ શરૂ થવાથી સુરતના હીરા, ટેક્ષ્ટાઇલ અને અન્ય મૂલ્યવાન ઉત્પાદનોને વૈશ્વિક બજારોમાં સીધી અને ઝડપી એક્સેસ મળશે, જે શહેરના અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે.

ચેમ્બરે આ પહેલને આવકાર આપી સુરતને વૈશ્વિક કાર્ગો નકશા પર વધુ મજબૂત રીતે સ્થાપિત કરવા તમામ સ્ટેક હોલ્ડરો સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

# ચેમ્બર દ્વારા સ્કોબાના સહયોગથી સહકારી બેંકો માટે બેન્કિંગ કોન્ક્લેવ યોજાયો, સહકારી બેંકોના સમાવેશી વિકાસ પર મનોમંથન




## સહકારી બેંકોનું છત્ર સંગઠન ઘણા પડકારો પર કામ કરી રહ્યું છે, બેન્કિંગ કોન્ક્લેવમાં સમગ્ર દક્ષિણ ગુજરાતની શહેરી-ગ્રામીણ સહકારી બેંકોની ઉપસ્થિતિ






**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**સ્કોબાના અધ્યક્ષ શ્રી ગૌતમ વ્યાસ**



**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટર શ્રી સતિષ મરાઠે**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ધી સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેન્કસ એસોસિએશન લિમિટેડ (સ્કોબા)ના સહયોગથી શનિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અવધ ઉટોપિયા, સુરત ખાતે બેન્કિંગ કોન્ક્લેવ- ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. સહકારી બેંકો માટે સર્વસમાવેશક વિકાસની થીમ પર કેન્દ્રિત આ કોન્ક્લેવમાં રાષ્ટ્રીય બેન્કિંગ અગ્રણીઓ, નીતિ ઘડવૈયાઓ અને સહકારી ક્ષેત્રના હિતધારકોએ ભારતની સહકારી બેન્કિંગ ઈકો સિસ્ટમમાં ઉભરતી તકો અને પડકારો અંગે ચર્ચા કરી હતી.

સમગ્ર દક્ષિણ ગુજરાતની સહકારી બેંકોના આ કોન્ક્લેવને બે ભાગમાં વિભાજીત કરાયું હતું, જેમાં પ્રથમ ઉદ્‌ઘાટન સમારોહમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટર શ્રી સતિષ મરાઠેએ નીતિગત સુધારાઓ, સહકારી નાણાંકીય વ્યવસ્થાને મજબૂત કરવા માટે આરબીઆઇના વિઝન અને ગ્રામીણ અને અર્ધ-શહેરી ભારતમાં સર્વસમાવેશક વિકાસને ટેકો આપવા માટે સહકારી બેંકોની નિર્ણાયક ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.

ટેકનિકલ સેશનમાં સહકારી બેંકોના નવા છત્ર સંગઠન એવા રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ (એન.યુ.સી.એફ.ડી.સી.), નવી દિલ્હીના સીઈઓ શ્રી પ્રભાત ચતુર્વેદીએ એન.યુ.સી.એફ.ડી.સી.ની પહેલ, ભવિષ્યના રોડમેપ અને સહકારી બેંકોને તેમની સેવાઓનું આધુનિકીકરણ અને વિસ્તરણ કરવા માટે સક્ષમ બનાવવાના હેતુથી નવીનતમ ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.


NAFCUB (નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિમિટેડ)ના વાઇસ પ્રેસિડેન્ટ અને કોસ્મોસ કો-ઑપ બેંક લિમિટેડના ભૂતપૂર્વ ચેરમેન શ્રી મિલિંદ કાલેએ સહકારી બેંકિંગ ક્ષેત્રને મજબૂત કરવા માટે મજબૂત શાસન માળખા, ડિજિટલ પરિવર્તન અને જોખમ ઘટાડવાની વ્યૂહરચનાઓની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે સહાકારી ક્ષેત્ર ગરીબ અને મધ્યમ વર્ગનું છે. આર્થિક કટોકટી આવી ત્યારે પણ સહકારી બેન્કોમાં બધી બેંકોને અસર ન થઈ. સહકારી બેન્કોએ તેમનું આગવું સ્થાન અને ગ્રાહકોનો વિશ્વાસ અને શાખ એવી રીતે જાળવી રાખ્યો છે કે આજે મોટી મોટી બેંકોએ ગ્રાહકો પાસે જવું પડે છે જ્યારે ગ્રાહક ખુદ સહકારી બેંક સુધી આવે છે. સરકાર પણ ઈચ્છે છે કે સહકારી બેંકો વૃદ્ધિ પામે.

સ્કોબાના અધ્યક્ષ શ્રી ગૌતમ વ્યાસે કહ્યું કે આપણે ત્યાં સહકારી બેંકોનો ખૂબ ભવ્ય ઈતિહાસ રહ્યો છે. ગઈકાલની સહકારી બેંકો અને આવતી કાલની સહકારી બેંકો વચ્ચે ટેકનોલોજી છે. એ ફેરફારોને આત્મસાત કરીએ, ૫ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી અને વિકસિત ભારતનાં વિઝનમાં સહકારી બેંકોની મહત્વની ભૂમિકા રહેવાની છે, આપણે સાથે મળીને એ તકનો લાભ લઈએ.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટર શ્રી સતિષ મરાઠેએ કહ્યું કે ગુજરાતની બધી સહકારી બેંકો સમગ્ર દેશ માટે રોલ મોડલ છે. હું તો મેનેજમેન્ટ સંસ્થાઓને પણ કહું છું કે ગુજરાતની અર્બન સહકારી બેંકોના મોડલનો અભ્યાસ કરે. ચાલુ વર્ષના એડવાન્સ ડેટા મુજબ મેં નોંધ્યું છે કે સમગ્ર દેશમાં અર્બન કો.ઓ. બેંકોનું પ્રદર્શન છેલ્લા ૫ વર્ષમાં સૌથી સરસ છે. સહકારી બેંકો ખૂબ સરસ કામ કરી રહી છે, તેમણે પ્રચાર અને માર્કેટિંગ વધારવાની જરૂર છે.

દેશની અર્થવ્યવસ્થાનો ચિતાર આપતા શ્રી મરાઠેએ કહ્યું કે, દાયકા પહેલા નાજુક પાંચમાં ગણાતું આપણું અર્થતંત્ર આજે ટોપ પાંચમાં છે, ત્રીજા ક્રમે આવવાની તૈયારી છે. મેન્યુફેકચરિંગ, કૃષિ અને સેવા એમ ત્રણેય ક્ષેત્રો ખૂબ સારો દેખાવ કરી રહ્યા છે. એસએમઈની સંખ્યા શહેરી અને ગ્રામીણ બંનેમાં સતત વધી રહી છે. સરકારે કૃષિ માટે પુશ આપીને એગ્રો પ્રોસેસિંગને પ્રોત્સાહન આપ્યું છે, દેશમાં



**રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સીઈઓ શ્રી પ્રભાત ચતુર્વેદી**



**NAFCUBના વાઈસ પ્રેસિડેન્ટ અને કોસ્મોસ કો-ઑપ બેંક લિમિટેડના ભૂતપૂર્વ ચેરમેન શ્રી મિલિંદ કાલે**

વિકેન્દ્રીત વેરહાઉસનો વિશ્વનો સૌથી મોટો પ્રોજેક્ટ શરૂ થયો છે. બેંકિંગ ક્ષેત્ર આજે જે મજબૂતાઈએ છે એટલું પહેલાં ક્યારેય ન હતું. એનપીએ લેવલ આંતરરાષ્ટ્રીય ધારાધોરણ કરતાં સારું છે. ફૂગાવો ઐતિહાસિક રીતે નિમ્ન છે. આમ બેન્કિંગ સેકટર ખાસ કરીને સહકારી બેંકો માટે વૃદ્ધિની ઘણી તકો અને અનુકૂળ વાતાવરણ છે. દરેક બેંક વૃદ્ધિ માટે વિઝન ડોક્યુમેન્ટ બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે સહકારી બેંકોએ સારી રીતે મૂડી સંપન્ન રહેવાની જરૂર છે. કોવિડ પછી આરબીઆઈએ તમામ બેંકોને મૂડી વધારવા કહ્યું હતું.

## સહકારી બેંકો પોતીકી મિલકતની ચિંતા કરે છે એમ ટેકનોલોજી પાછળ ખર્ચે

શ્રી મરાઠેએ કહ્યું કે આજે બેંકિંગ વધારે જટિલ બન્યું છે. ટેકનોલોજી માટે જોઈએ એટલું કામ હજી થયું નથી તે ચિંતાનો વિષય છે. સહકારી બેંકોનું બોર્ડ બ્રાન્ચ પોતીકી મિલકતમાં હોય એની ચિંતા કરે છે, એ સારું પણ છે પણ સાથે ટેકનોલોજી પાછળ પણ ખર્ચ કરે તો વધુ સ્પર્ધાત્મક બનશે.

ત્યારબાદ ટેકનિકલ સેશનની શરૂઆતમાં શ્રી પ્રભાત ચતુર્વેદીનો પરિચય શ્રી દેવેન ચોકસીએ આપ્યો હતો. શ્રી ચતુર્વેદીએ કહ્યું કે સહકારી બેંકો માટે મુખ્ય પડકાર ટેકનોલોજી, સાયબર સુરક્ષા અને ખર્ચનો છે. આ માટે છત્ર સંસ્થા એન.યુ.સી.એફ.ડી.સી ઘણી બધી પહેલ કરી રહ્યું છે. લોન માટે પોલિસી બજાર જેવું પ્લેટફોર્મ હોવું જોઈએ, ઝીરોધા અને ગ્રો જેવી ઓનલાઈન ટ્રેડિંગ એપમાં સહકારી બેંકો સામેલ થવી જોઇએ. તેમણે કહ્યું કે ઘટતી થાપણો જેવા પડકારો પણ છે. તેમણે એસએમઈ માટે ઈનોવેટિવ કરન્ટ એકાઉન્ટ, સગીરો માટેની પ્રોડક્ટસ, યુપીઆઈ ચાર્જ બેંકો માટે ઘટે એ માટેનાં પગલાં વિશે વાત કરી. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં છે એવી સહિયારી કોર બેંકિંગ સિસ્ટમ નજીકના ભવિષ્યમાં શરૂ થશે જેમાં નાની બેંકો પણ જોડાઈ શકે.

શ્રી મિલિંદ કાલેએ કહ્યું કે આરબીઆઈએ ૫૦૦૦ કરોડથી વધુના લોન પોર્ટફોલિયો માટે રિસ્ક ઓફિસર ફરજિયાત કર્યું છે પણ મને લાગે છે કે દરેક બેંકે રિસ્ક ઓફિસરની નિમણૂક કરવી જોઇએ. તેમણે આ સંદર્ભમાં ૨૦૧૮માં કોસ્મોસ બેંકે સાયબર એટેકમાં કેવી રીતે ૯૪ કરોડ રૂપિયા ગુમાવ્યા એનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે ઈરાદાઓ સાચા હોય તેમ છતાં દરેક નિર્ણયમાં જોખમ રહેલું છે, આથી સહકારી બેંકોએ ગ્રોથની સાથે રિસ્ક મેનેજમેન્ટ અપનાવવું પડશે.

ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ સમગ્ર કોન્ક્લેવની માહિતી આપતા કહ્યું કે સહકારી બેંકો માટે પહેલીવાર આ કોન્ક્લેવ થઈ રહ્યો છે. તેનો હેતુ નીતિ ઘડનારા, નિયામકો વચ્ચે સહયોગ વધારીને, જોખમ વ્યવસ્થાપન દ્વારા ક્ષમતા વિસ્તારીને સહકારી બેંકોને સમાવેશી વિકાસ માટે સુયોજિત બિઝનેસ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં સહકારી બેંકો વિકસિત ભારત માટે ખૂબ મહત્વની ભૂમિકા અદા કરશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષભાઈ મોદીએ મુખ્ય વક્તા શ્રી સતીષ મરાઠેનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા સમગ્ર કોન્ક્લેવનું સંચાલન કર્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં આભારવિધિ આ કાર્યક્રમના મુખ્ય પ્રાયોજક સુરત પીપલ્સ કો. ઓ. બેંકના ચેરમેન અમિત ગજ્જરે કરી હતી.

સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સ્કોબાના સેકન્ડ વાઈસ ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાળાએ કરતા કહ્યું કે ભારત બદલાઈ રહ્યું છે એની સાથે બેંકિંગ ક્ષેત્ર પણ બદલાઈ રહ્યું છે.

આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, દક્ષિણ ગુજરાતની સહકારી બેંકોના ડિરેક્ટર્સ, હોદ્દેદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રસપ્રદ પ્રશ્નોત્તરીમાં વક્તાઓએ સહકારી બેંકર્સના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

# ચેમ્બર દ્વારા જર્ની ટુ ફાયનાન્સિયલ ફ્રિડમ વિષે સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'જર્ની ટુ ફાયનાન્સિયલ ફ્રિડમ' વિષે સેશન યોજાયું હતું, જેમાં બિઝનેસ કન્સલ્ટન્ટ એન્ડ સોશ્યલ આંત્રપ્રિન્યોર ડો. ધનંજય બાંથિયાએ ઉદ્યોગ સાહસિકો તથા પ્રોફેશનલ્સને બિઝનેસમાં આર્થિક સ્વતંત્રતા મેળવવા સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં બિઝનેસમાં ટકી રહેવું હોય તો નોલેજ અપડેશન, પેલોડ મેનેજમેન્ટ, ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને માર્કેટ ડાયનેમિક્સને સમજવું અત્યંત જરૂરી બન્યું છે. 'જર્ની ટુ ફાઈનાન્શિયલ ફ્રીડમ' જેવા સેશન્સ ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયમાં યોગ્ય રોકાણની દિશા અને લાંબા ગાળાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપે છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે, ચેમ્બર ઓફ કોમર્સ ઉદ્યોગોને જ્ઞાન, માર્ગદર્શન અને નેટવર્કિંગના અવસર પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે.

આ સેશનના કી-નોટ સ્પીકર તરીકે ડો. ધનંજય બાંથિયાએ જણાવ્યું હતું કે, વેલ્થ ક્રિએશન એ માત્ર માઈન્ડ સેટથી આવે છે. જ્યાં પૈસા અને જીવન બંને કલીયર હોય એના માટે રોકાણ



**ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**બિઝનેસ કન્સલ્ટન્ટ એન્ડ સોશ્યલ આંત્રપ્રિન્યોર ડો. ધનંજય બાંથિયા**

કરવું પણ કલીયર છે અને એ વ્યકિત વેલ્થ ક્રિએટ કરી શકે છે. જે લોકો રૂપિયા ૨ કરોડનો ફ્લેટ ૮૦ ટકા લોન પર ખરીદે છે તેને લોકો અભિનંદન આપે છે, જ્યારે એસઆઇપીમાં રોકાણ કરનારને ગભરાવે છે. તેમણે કહ્યું હતું કે, કોરોનાએ ભારતમાં લોકોની વિચારધારા બદલી નાંખી છે. કોવિડ પછી લોકો હવે વધારે ફરી રહ્યા છે. પહેલા તેઓ જે જતું કરતા હતા તે હવે નથી કરતા. લોકો હવે ફોર્મલ ઈકોનોમીમાં આવી રહ્યા છે, આથી ઈકોનોમીની પેટર્ન બદલાઇ રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં ખર્ચા વધારે થવાના છે. જે લોકો અત્યારે યુવાન છે તેઓ વૃદ્ધ થશે ત્યારે તેઓના પૈસા યુવાન થવા જોઇએ, એટલા માટે લોકોએ અત્યારથી જુદા જુદા સ્તરે રોકાણ કરીને આર્થિક સ્વતંત્રતા મેળવવી પડશે. આર્થિક સ્વતંત્રતા માત્ર પૈસા કમાવવામાં નથી, પરંતુ પૈસા વિશે યોગ્ય સમજ, શિસ્તબદ્ધ રોકાણ, રિસ્ક મેનેજમેન્ટ અને ડાઈવર્સિફિકેશન જેવી બાબતોમાં નિષ્ણાત થવાથી મળે છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના હોદ્દેદારો, સભ્યો, ઉદ્યોગ સાહસિકો તથા પ્રોફેશનલ્સ સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના સભ્ય ડો. રાકેશ દોશીએ સમગ્ર સેશન અને પ્રશ્નોત્તરી સેશનનું સંચાલન કર્યું હતું. કમિટી સભ્ય શ્રી ઉદય ધાંધલે વકતાનો પરિચય આપ્યો હતો.

# શા માટે ઉદ્યોગ સાહસિકો તક ચૂકે છે એ વિષય પર પ્રેરક સત્ર યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા “Why Do Entrepreneurs Miss the Bus? - Your Time to Board is NOW!” વિષય પર પ્રેરક સત્રનું આયોજન શનિવાર, 15 નવેમ્બર, 2025ના રોજ સાંજના 6:00 કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રસિદ્ધ T.I.G.E.R.



**ચેમ્બરના માનદ્ ખજાનચી**
**સીએ શ્રી મિતિષ મોદી**



**જાણીતા મોટિવેશનલ સ્પીકર**
**શ્રી દીક્ષિત તેરૈયા**

દીક્ષિત તેરૈયા (Transformational Coach, Motivational Speaker & Business Mentor)એ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે "સફળતાના રહસ્યો અને વ્યવસાયિક પરિવર્તન" જેવા મહત્વપૂર્ણ વિષયો પર ૬૦ મિનિટનું જીવંત અને પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યું હતું, જેમાં ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો અને યુવા ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ શ્રી મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે અપના ભી ટાઈમ આયેગા એ ખરું પણ તકને ઓળખવી જોઇએ. તકને ઓળખવાનું શ્રેષ્ઠ ઉદાહરણ સ્વ. ધીરૂભાઈ અંબાણી છે. બાળપણની વાર્તા ટાંકીને તેમણે સમજાવ્યું કે તકનો સમયસર ઉપયોગ કરવાથી ઉદ્યોગ સાહસિક સફળ થઈ શકે.

જાણીતા મોટિવેશનલ સ્પીકર શ્રી દીક્ષિત તેરૈયાએ ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે શા માટે ઉદ્યોગ સાહસિકો ગ્રોથની બસ ચૂકી જાય છે અને ધંધામાં આગળ વધી શકતા નથી. તેમણે કહ્યું કે મોટા ઉદ્યોગપતિઓએ તેમની કંપનીઓને ઓટો પાઇલટ ઓર્ગેનાઈઝેશન બનાવી છે. 90% ઉદ્યોગ સાહસિકો આ કરી શક્યા નથી. જો તમે રૂટિન કામકાજથી અલિપ્ત રહો તો જ નવું વિચારી શકો. જેટલા મોટા બનવું છે, જેટલો બિઝનેસને વિસ્તારવો છે તો એટલા જ જલદી તમે તમારા બિઝનેસમાંથી નીકળી જાવ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સફળ ઉદ્યોગપતિઓ કરી શકે છે એ આપણે કેમ નથી કરી શકતા. અનેક દાખલા આપતા સમજાવ્યું કે હાયરિંગ માટે પણ ચોક્કસ મિકેનિઝમ હોવી જોઈએ. ઓબ્લિગેશન અને કમિટમેન્ટ ન આવે તો વ્યવસાયિક લાઈફ બગડે જ. તેમણે રેવન્યુ વર્ક અને નોન રેવન્યુ વર્કનો તફાવત સમજાવી ઉદ્યોગકારોને રેવન્યુ વર્ક પર ફોકસ કરવા સમજાવ્યું હતું. બિઝનેસમાં ન્યુ થિંકિંગ ખૂબ જરૂરી છે.

પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ તેમની પોતાની સમસ્યાઓ અને અનુભવો વિશે પ્રશ્નો પૂછ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમના કન્વીનર શ્રી ભરત પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમમાં સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# ભારત સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ મશીનરી ઉપર લાગુ કરવામાં આવેલ કયુસીઓ ઓર્ડરને હાલ પૂરતો સ્થગિત કરાયો

ભારત સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ મશીનરી ઉપર લાગુ કરવામાં આવેલ OTR ઓર્ડર (QCO), જે સપ્ટેમ્બર-૨૦૨૬થી લાગુ થનાર હતું તે હવે તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના નોટિફિકેશન S.O. 5179(E) દ્વારા જ્યાં સુધી ભારત સરકાર દ્વારા આ મામલે બીજી કોઇ જાહેરાત નહીં થાય ત્યાં સુધી આ નોટિફિકેશનની અમલવારી સ્થગિત રહેશે એવું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ નોટિફિકેશન બાદ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે હાલમાં તમામ પ્રકારના QCO ઓર્ડરને ભારત સરકાર દ્વારા સ્થગિત કરવામાં આવ્યા છે.

# ચેમ્બર અને મંત્રાના સંયુકત ઉપક્રમે ટેક્ષ્ટાઇલ નોલેજ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને મેન મેઈડ ટેક્ષ્ટાઇલ્સ રિસર્ચ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે બુધવાર, તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ નોલેજ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો માટે યોજાયેલા આ મહત્વપૂર્ણ સેશનમાં ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની વર્તમાન નીતિઓ, પડકારો અને વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સતત બદલાતી ટેકનોલોજી, નવીનતા અને ગુણવત્તાના આધારે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યો છે. ચેમ્બર અને મંત્રા દ્વારા આ પ્રકારના નોલેજ આધારિત કાર્યક્રમો ઉદ્યોગોને અપડેટ રાખે છે, તેમની સ્પર્ધાત્મક ક્ષમતામાં વધારો કરે છે અને સુરતને ભારતના ટેક્ષ્ટાઇલ હબ તરીકે વધુ મજબૂત બનાવે છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ સેકટરનું ભવિષ્ય જ્ઞાન, સંશોધન અને ટેકનોલોજી આધારિત વૃદ્ધિ પર નિર્ભર છે. સુરતના ઉદ્યોગકારોએ હંમેશા નવીનતાઓને આત્મસાત કરી છે અને આ જ અભિગમ તેમને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સશક્ત બનાવશે.

મંત્રાના પ્રમુખ શ્રી રજનીકાંત બચકાનીવાલાએ કાર્યક્રમની



**ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ**
**શ્રી નિખિલ મદ્રાસી**



**ચેમ્બરના ઉપ પ્રમુખ**
**શ્રી અશોક જીરાવાલા**



**મંત્રાના પ્રમુખ**
**શ્રી રજનિકાંત બચકાનીવાલા**



**વિવ વોટર એન્વાયરો પ્રા.લિ.ના પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટરના ડિરેક્ટર શ્રી એસ.પી. વર્મા**



**એક્ષ્પોર્ટ ઇમ્પોર્ટ લિડરશિપ ઇન્સ્ટીટ્યુટના ફાઉન્ડર એન્ડ ડિરેક્ટર શ્રી વિરલ શાહ**

રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ટેકનોલોજી, સંશોધન અને સ્કીલ ડેવલપમેન્ટને કેન્દ્રમાં રાખી મંત્રા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને નવી ઉચાઈઓએ લઈ જવા પ્રતિબદ્ધ છે. ઉદ્યોગના બદલાતા માળખા અને વૈશ્વિક બજારમાં ઊભી થતી નવી તકોને ધ્યાનમાં રાખીને આ પ્રકારના નોલેજ સેશન અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

વિવ વોટર એન્વાયરો પ્રા.લિ.ના પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટરના ડિરેક્ટર શ્રી એસ.પી. વર્માએ પોલિસી ફ્રેમવર્ક ફોર ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ્સ - કરન્ટ સિનારિયો એન્ડ ફ્યુચર પ્રોસ્પેક્ટ્સ વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપી પરિવર્તનો થયા છે અને ઉદ્યોગોને ગ્લોબલ સ્પર્ધા માટે ટેકનોલોજી અપગ્રેડેશન, સસ્ટેનેબિલિટી, વેસ્ટ મેનેજમેન્ટ અને ઇકો ફ્રેન્ડલી પ્રોસેસ જેવી બાબતોને અપનાવવી અત્યંત આવશ્યક બની ગઈ છે. ઉદ્યોગ સાહસિકોને ટેકનોલોજી અપગ્રેડેશન, ગ્રીન પ્રોસેસીસ અને એન્વાયરમેન્ટલ કમ્પ્લાયન્સ અંગે ધ્યાન આપવું પડશે.

વધુમાં તેમણે પીએમ મિત્રા પાર્કના લાભો તથા તેના સંબંધિત ગુજરાત સરકારની યોજનાઓ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પાર્ક દ્વારા ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનને મજબૂત બનાવવાની સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમન ફેસિલિટી સેન્ટર્સ, ટેકનોલોજી સપોર્ટ, વેસ્ટ મેનેજમેન્ટ અને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ માટે વિશાળ તકો ઊભી થશે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન અને સબસિડી યોજનાઓ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે તેમજ સુરતના ટેક્ષ્ટાઇલ હબને નવી ગતિ આપશે.

એક્ષ્પોર્ટ ઈમ્પોર્ટ લિડરશિપ ઈન્સ્ટીટ્યુટના ફાઉન્ડર એન્ડ ડિરેક્ટર શ્રી વિરલ શાહે ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ્સ - નેવીગેટીંગ ધ કરન્ટ માર્કેટ સિનારિયો વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રોડક્ટ ડાયવર્સિફિકેશન, બ્રાન્ડિંગ, ઈ-કોમર્સ અને નવા ઉભરતા બજારોને ધ્યાનમાં રાખીને ભારતીય ઉદ્યોગો માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. વિશ્વની ૧૬૫ દેશો દરરોજ એક્ષ્પોર્ટ-ઇમ્પોર્ટ કરી રહ્યા છે. એક્ષ્પોર્ટમાં વિશ્વને ચાઇના અને અમેરિકાનો વિકલ્પ જોઇએ છે અને એ ભારત બની શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૧માં વિશ્વના કુલ એક્ષ્પોર્ટમાંથી ભારતનું એક્ષ્પોર્ટ ૦.૫૦ ટકા હતું, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૨.૦ ટકા થયું હતું. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના એક્ષ્પોર્ટને ૮ ટકા પર પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એના માટે દસ વર્ષથી ભારતે મેક ઇન ઇન્ડિયા અભિયાન અંતર્ગત ભારતમાં મેન્યુફેકચરિંગ શરૂ કરી દીધું છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૨૫માં વિશ્વના કુલ એક્ષ્પોર્ટમાંથી ભારતથી ૫.૫ ટકાથી લઇને ૫.૮ ટકા સુધી ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ થશે, જ્યારે ૩.૫ ટકાથી લઇને ૩.૮ ટકા સુધી એપરલનું એક્ષ્પોર્ટ થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ સેકટર વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર છે અને યોગ્ય માર્કેટ સ્ટ્રેટેજી તથા ગુણવત્તા આધારિત ઉત્પાદન દ્વારા સુરતના એક્ષ્પોર્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકે છે.

મંત્રાના માનદ્ મંત્રી શ્રી પ્રફુલ ગાંધીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મંત્રાના એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટના વડા શ્રી હિમાંશુ દેસાઇએ સેશનનું સંચાલન કર્યું હતું. આ નોલેજ સેશનમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો હાજર રહ્યા હતા. ટેક્ષ્ટાઇલ નિષ્ણાતોના માર્ગદર્શનથી ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ માટેની પોલિસીઓ, વૈશ્વિક ટ્રેન્ડસ અને એક્ષ્પોર્ટ-ઇમ્પોર્ટ અંગે મહત્વપૂર્ણ માહિતી મળી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે અવેરનેસ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને જય સરદાર વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ગુરૂવાર, તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૮:૩૦ કલાકે પુણાગામ સ્થિત જય સરદાર વિદ્યાલય ખાતે સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હોસ્પિટલના ડો. ઉષા એન. માણિયાએ સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, સમાજના આરોગ્ય સંરક્ષણમાં મહિલા સ્વાસ્થ્યનું વિશેષ સ્થાન છે અને સર્વાઇકલ કેન્સર એ વિશ્વભરમાં મહિલાઓને અસર કરનાર ગંભીર સ્વાસ્થ્ય પડકારોમાંનું એક છે, પરંતુ ખુશીની વાત એ છે કે આજે તેનો અસરકારક અને સલામત પ્રિવેન્ટિવ વિકલ્પ, સર્વાઇકલ કેન્સર



ડો. ઉષા એન. માણિયા



ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા

વેકસીન ઉપલબ્ધ છે.

ડો. ઉષા એન. માણિયાએ જણાવ્યું હતું કે, સર્વાઇકલ કેન્સર મહિલાઓમાં થતા ગંભીર કેન્સર પ્રકારોમાંનું એક છે, પરંતુ સદ્‌ભાગ્યે તેની સમયસર પ્રિવેન્શન શકય છે. હ્યુમન પેપિલોમા વાયરસથી બચવા માટે ઉપલબ્ધ સર્વાઇકલ કેન્સર વેક્સિન અત્યંત અસરકારક અને સુરક્ષિત છે. ૯થી ૨૬ વર્ષની છોકરીઓ અને યુવતીઓ માટે આ વેક્સિનની ભલામણ કરવામાં આવે છે, કારણ કે આ વયે રક્ષણ સૌથી વધુ અસરકારક બને છે.

તેમણે જણાવ્યું હતું કે, આ વેક્સિન લેવાથી હ્યુમન પેપિલોમા વાયરસના ઘણા જોખમકારક પ્રકારોથી લાંબા ગાળાનું રક્ષણ મળે છે, જેના કારણે ભવિષ્યમાં સર્વાઇકલ કેન્સર થવાની શકયતા નોંધપાત્ર રીતે ઓછી થાય છે. સાથે જ મહિલાઓએ નિયમિત હેલ્થ ચેકઅપ અને સ્વચ્છ જીવનશૈલી અપનાવવી પણ અત્યંત જરૂરી છે. જો સમાજમાં આ અંગે યોગ્ય જાગૃતિ ફેલાવવામાં આવે તો સર્વાઇકલ કેન્સરના કેસોમાં મોટો ઘટાડો થઈ શકે છે તેમ ડો. ઉષાએ વધુમાં જણાવ્યું હતું.

જય સરદાર વિદ્યાલયના આચાર્ય શ્રી પરેશ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો-ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ સેશનનું સંચાલન કર્યું હતું.

# ફિક્કી ગુજરાત રિજિયન દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ અને શારજાહ સરકારના સહયોગથી બે દિવસ બીટુબી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજાઇ




ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI)ના ગુજરાત રિજિયને 'યુએઇ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં બિઝનેસનાં વિસ્તરણ' થીમ પર સુરતમાં બી2બી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજી હતી. આ શ્રેણી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI) અને શારજાહ એરપોર્ટ ઇન્ટરનેશનલ ફ્રી ઝોન (સૈફ-એસએઆઈએફ ઝોન), શારજાહ સરકાર, યુ.એ.ઈ.ના સહયોગથી સુરતમાં મેરિયોટ હોટેલ ખાતે તા. 20 અને 21 નવેમ્બરે સવારે 10થી સાંજે 5 દરમ્યાન યોજાઈ હતી.

આ મીટિંગ્સમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે શારજાહ ફ્રી ઝોનની નજીક જ દરિયાઈ વિસ્તાર છે અને એથી ત્યાંથી નિકાસ ઝડપથી અને સરળતાથી થઈ શકે છે. શારજાહ ફ્રી ઝોનમાં સીએ અને તબીબ જેવા વ્યવસાયિકો સિવાય લગભગ




તમામ ધંધાર્થીઓને આવકાર મળે છે અને ફ્રી ઝોન છે.. તેમણે બેઉ દેશો વચ્ચેનો બેવડા કરવેરા નિવારણ સમજૂતી-ડીટીએએ વિશે, ત્યાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસની સંભાવનાઓ વિશે પણ ઊંડાણપૂર્વક પ્રશ્નોત્તરી કરીને સ્પષ્ટતા મેળવી કે આનો લાભ શારજાહ ફ્રી ઝોનનો ઉપયોગ કરનારા ધંધાને મળે છે એટલે કરવેરાની દ્રષ્ટિએ પણ તે લાભદાયી છે.

સતત બે દિવસ ચાલેલી આ બિઝનેસ ટુ બિઝનેસ મીટને સ્થાનિક ઉદ્યોગો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

ભારતીય કંપનીઓ વૈશ્વિક તકોને ઝડપી લેવા માટે યુએઈનો ગેટ વે તરીકે ઉપયોગ કરીને વ્યૂહાત્મક લાભો મેળવી શકે એ આ પહેલનો ઉદ્દેશ હતો. આ પ્રદેશમાં સૌથી ગતિશીલ અને રોકાણકારોને અનુકૂળ એવા શારજાહ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય ફ્રી ઝોનનો નિકાસમાં કંઈ રીતે ઉપયોગ થઈ શકે એના પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

સુરતમાં યોજાયેલી વિશેષ શ્રેણીની બીટુબી મીટિંગ્સથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને સૈફ ઝોનના પ્રતિનિધિઓ સાથે રોકાણની સંભાવનાઓ, કાર્યકારી ટેકો અને યુએઈમાં સ્થાપનાની સરળતા ચકાસવામાં ઘણી મદદ મળી અને આ મીટિંગમાં ભાગ લેનારાઓને ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (સી.ઈ.પી.એ.)નો લાભ અસરકારક રીતે લેવા માટે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમજૂતી લગભગ 97 ટકા ભારતીય ચીજવસ્તુઓને ડ્યુટી ફ્રી એક્સેસ આપે છે અને આફ્રિકા, યુરોપ અને અન્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતની પહોંચ મજબૂત કરે છે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવિધ સ્થળે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન









ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન સુરત ખાતે જુદા જુદા સ્થળોએ સફળતાપૂર્વક ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે સચિન જીઆઈડીસી ખાતે આવેલી સ્ટીમ હાઉસ ઈન્ડિયા લિમિટેડની મુલાકાત લીધી હતી, જેમાં કમ્યુનિટી બોઈલર સિસ્ટમ જેવી પર્યાવરણમિત્ર અને ઊર્જા બચત કરતી સુવિધાઓ અંગે સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા. અહીં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્ટીમ મેનેજમેન્ટ સિસ્ટમ અને પોલ્યુશન કન્ટ્રોલ ટેકનોલોજીની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

બીજી વિઝિટ તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સહજાનંદ ટેક્નોલોજીસ પ્રા.લિ. અને થ્રીડી એક્સલન્સ સેન્ટર ખાતે યોજાઇ હતી, જ્યાં ભાગ લેનાર સભ્યોએ અદ્યતન મશીનરી, પ્રિસિઝન મેન્યુફેક્ચરિંગ તથા થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજીની લાઈવ પ્રેઝન્ટેશનનો અભ્યાસ કર્યો હતો. આ મુલાકાતથી મેન્યુફેકચરિંગ ક્ષેત્રે નવી દિશાઓ વિશે સમજ વિકસિત થઈ હતી.

ત્રીજી વિઝિટ તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ Make3D.in ખાતે યોજાઇ હતી, જેમાં ભારતીય સ્તરે ડિઝાઈન કરાયેલા હાઈ-પ્રિસિઝન થ્રીડી પ્રિન્ટર્સ, રેપિડ પ્રોટોટાઈપિંગ અને ઈન્ડસ્ટ્રી ૪.૦ સંબંધિત ટેકનોલોજી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચોથી વિઝિટ તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શાકુંત આશ્રમ અને પ્રગતિ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ ખાતે યોજાઈ હતી. શાકુંત આશ્રમમાં ચેમ્બરના સભ્યોએ યોગાભ્યાસનો પ્રેકટિકલ અનુભવ કર્યો હતો. જ્યારે પ્રગતિ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં કાચની જે વસ્તુઓ બને છે તેમાં ગુણવત્તાવાળી ઉત્પાદન પ્રક્રિયા વિષે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પહેલનો મુખ્ય હેતુ સભ્યોને આધુનિક ટેકનોલોજી, ટકાઉ ઔદ્યોગિક પદ્ધતિઓ અને નવા ઉત્પાદન મોડલ્સ વિશે જાણકારી આપવાનો હતો. આવી ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ્સથી ઉદ્યોગ સાહસિકોમાં નવીન વિચારધારા વિકસે છે, ટેકનોલોજી અપનાવવાનો આત્મવિશ્વાસ વધે છે અને ઉદ્યોગક્ષેત્રમાં નેટવર્કિંગને બળ મળે છે. આગામી સમયમાં પણ ચેમ્બર દ્વારા આવી જાણકારીસભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.






# ચેમ્બર દ્વારા 'નો અબાઉટ યોર લિવર' વિષે અવેરનેસ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત તા. ૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'નો અબાઉટ યોર લિવર' વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સુરતની જાણીતી સીડ્સ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના ડૉ. રિતેશ પ્રજાપતિએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ડૉ. રિતેશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, લિવર મનુષ્યના શરીરમાં સૌથી મહત્વપૂર્ણ અંગોમાંનું એક છે, જે ડિટોકિસફિકેશન, મેટાબોલિઝમ, પાચન પ્રક્રિયા તેમજ ઊર્જા સંગ્રહ જેવી અગત્યની કામગીરી કરે છે. લિવર સંબંધિત બીમારીઓ ઘણી વાર શરૂઆતના તબક્કામાં લક્ષણરહિત રહેતી હોવાથી નિયમિત ચેક-અપ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અનિયમિત જીવનશૈલી, વધુ તેલ-મસાલાવાળો આહાર, આલ્કોહોલનું વધતું સેવન, મોટાપો તેમજ ડાયાબિટીસ જેવી સ્થિતિઓ, લિવરમાં ચરબી જમા થવી (ફેટી લિવર) અને હેપેટાઇટિસ જેવા રોગોનું જોખમ વધારી શકે છે.

તેમણે લિવર હેલ્થ સારી રાખવા માટે સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, ધૂમ્રપાન-આલ્કોહોલથી દૂર રહેવું, પૂરતું પાણી પીવું અને સમયાંતરે લિવર ફન્કશન ટેસ્ટ કરાવવાની સલાહ આપી હતી.

ચેમ્બરના ગ્રૂપ ચેરમેન ડૉ. રાકેશ ગાંધીએ સ્વાગત ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. જગદિશ વઘાસિયાએ વકતાનો પરિચય આપ્યો હતો. પબ્લિક હેલ્થ કમિટીના સભ્ય ડૉ. રાજન દેસાઇએ સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. આ સેશનમાં વકતાએ ચેમ્બરના સભ્યોને વિવિધ શંકાઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રોકાણનો નવો માર્ગ-એસઆઈએફ વિશે ચેમ્બરમાં સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા “Specialized Investment Fund (SIF): A New Investment Avenue” વિષય પર માહિતીસભર સેશનનું સફળ આયોજન સમૃદ્ધિ હોલ, નાનપુરા, સુરત ખાતે તા 22મી નવેમ્બરે સાંજે 5:30 વાગ્યે થયું.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે ચેમ્બરના માધ્યમથી સૌને લાભ થાય, જ્ઞાનવર્ધન થાય એ માટે નિયમિત કાર્યક્રમો થઈ રહ્યા છે. પહેલા સીએ ઓડિટ સુધી મર્યાદિત હતા, અત્યારે ટ્રેન્ડ એવો છે જેમાં વેલ્થ ક્રિએશન, વેલ્થ મેનેજમેન્ટમાં પણ તેમની ભૂમિકા રહેલી છે.

એસઆઈએફ વિશે સમજાવતા ડી2એના સ્થાપક અને સીઈઓ સીએ બીપિન હીરપરાએ કહ્યું કે વિકસિત દેશોની સફળ સ્ટ્રેટેજીના પરિણામે એસઆઈએફની જરૂરિયાત ઊભી થઈ. એસઆઈએફ માટે એએમસી દીઠ લઘુતમ રૂ. 10 લાખથી રોકાણ કરી શકાય. તેમાં 25% સુધી ડેરિવેટિવ્ઝ શોર્ટ એટલે કે હેજિંગની છૂટ અપાઈ છે જે મ્યુ. ફંડ્સ કે પીએમએસમાં નથી. સેક્ટર રોટેશન જેવા યુનિક ફીચર્સ પણ આપવામાં આવ્યા છે. એસઆઈએફ કોમોડિટી સેક્ટરમાં પણ રોકાણ કરી શકે છે.

તેમણે કહ્યું કે આ રોકાણનો તદ્દન નવો અને અદ્યતન માર્ગ છે. વોલેટાઈલ અને ઘટતા માર્કેટમાં પણ તે રિટર્ન આપવાની ક્ષમતા ધરાવે છે. સેબીએ હાલ 7 કેટેગરીને છૂટ આપી છે એમાં પ્રથમ ઈક્વિટી ઓરિયેન્ટેડ છે. રોકાણકારોને અને એએમસી પર કરવેરાની શું અસર પડે એની માહિતી પણ તેમણે આપી હતી. તેમણે એક્સપેન્સ રેશિયો, લોક ઈન પીરિયડ, એક્ઝિટ લોડ જેવા રોકાણકારોને મૂઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

આ પ્રસંગે ચેમ્બરના સભ્યો, રોકાણકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી હાસિમ યાકૂબલીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયા દ્વારા કરવામાં આવી.



**ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી**



**ડી2એના સ્થાપક અને સીઈઓ સીએ બીપિન હીરપરા**

# 'ફાઈટીંગ કેન્સર સ્માર્ટર' વિષે સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફાઈટીંગ કેન્સર સ્માર્ટર' વિષય પર એમ્પાવરિંગ સેશન યોજાયું હતું, જેમાં કેન્સરના નિષ્ણાંત તબીબો ડો. પ્રસાદ કાસબેકર, ડો. ચિરાગ ભંસાલી તથા ડો. રિયાલ ગોવિસ દ્વારા કેન્સરની નવીન સારવાર પદ્ધતિઓ, આધુનિક મેડિકલ ઈનોવેશન્સ તથા સારવારની અગત્યતા પર પ્રકાશ પાડ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય ઉદ્દેશ કેન્સર જેવી ગંભીર બીમારી સામે અદ્યતન સારવાર પદ્ધતિઓ, નવીન ટેકનોલોજી, સમયસર નિદાન અને દર્દીઓમાં આશા તથા હિંમત જાળવી રાખવાના વિષય પર જાગૃતિ ફેલાવવાનો હતો.

ડો. પ્રસાદ કાસબેકરે "How Technology is Changing the Game v From Early Detection to Precision Oncology" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં અદ્યતન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ ઈમેજિંગ તથા જિનોમિક ટેસ્ટિંગના કારણે કેન્સરનું વહેલું અને વધુ ચોક્કસ નિદાન શક્ય બન્યું છે. પ્રિસિઝન ઑન્કોલોજી પદ્ધતિ દ્વારા દર્દીના જિનેટિક પ્રોફાઈલ અને ટ્યુમરની રચના આધારે વ્યક્તિગત સારવાર આપવામાં આવી રહી છે, જેના પરિણામે સારવારની સફળતા વધવા સાથે સાઈડ ઈફેક્ટ્સમાં ઘટાડો થયો છે. રોબોટિક સર્જરી, ટાર્ગેટેડ થેરાપી અને સતત મોનિટરિંગ જેવી આધુનિક



સંબોધન કરતી વખતે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ડૉ. પ્રસાદ કાસબેકર

સુવિધાઓથી કેન્સરની સારવાર વધુ સુરક્ષિત, અસરકારક અને દર્દી કેન્દ્રિત બની રહી છે.

ડૉ. ચિરાગ ભંસાલીએ "Healing Beyond the Cure - The Power of Reconstructive Surgery" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સરની સારવાર બાદ દર્દીઓ માટે માત્ર રોગમુક્તિ જ નહીં પરંતુ શારીરિક, માનસિક અને સામાજિક પુનઃસ્થાપન પણ અત્યંત મહત્વપૂર્ણ છે. રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી દ્વારા કેન્સરની સારવારના પરિણામે થયેલા શારીરિક ફેરફારોને સુધારી દર્દીઓમાં આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને જીવનની ગુણવત્તા ફરી સ્થાપિત કરી શકાય છે. આ પ્રકારની સર્જરી દર્દીઓને સામાન્ય જીવન તરફ પાછા ફરવામાં મદદરૂપ બને છે અને સંપૂર્ણ ઉપચાર સાથે સર્વાંગી હીલિંગનો માર્ગ મોકળો કરે છે.

ડૉ. રિયાલ ગોવિસે "Bringing One Back to Life - The Importance of Prosthetics" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સર અથવા અન્ય ગંભીર બીમારીઓના કારણે અંગ ગુમાવનાર દર્દીઓ માટે પ્રોસ્ટેટિક્સ માત્ર શારીરિક સહાય પૂરતી નથી, પરંતુ તેમને ફરીથી સ્વાવલંબન, આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે જીવન જીવવાની ક્ષમતા આપે છે. અદ્યતન પ્રોસ્ટેટિક ટેકનોલોજીના કારણે દર્દીઓ દૈનિક કાર્યો સરળતાથી કરી શકે છે, કાર્યક્ષમતામાં વધારો થાય છે અને સામાજિક જીવનમાં ફરી સક્રિય ભાગીદારી શક્ય બને છે, જે દર્દીઓના સર્વાંગી પુનર્વસન અને જીવનમાં નવી આશા પ્રદાન કરે છે.

સેશન દરમિયાન નિષ્ણાંત તબીબો દ્વારા કેન્સર પ્રિવેન્શન, લાઈફસ્ટાઈલમાં ફેરફાર, નિયમિત હેલ્થ ચેકઅપ, તેમજ વહેલી તકે લક્ષણો ઓળખવાની અગત્યતા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને કામકાજમાં વ્યસ્ત ઉદ્યોગ સાહસિકો અને વ્યાવસાયિકોએ પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. સોનિયા ચંદાનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ નિષ્ણાંત તબીબો સાથે પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લીધો હતો, જેમાં નિષ્ણાંત તબીબો દ્વારા સભ્યોની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.



ડૉ. ચિરાગ ભંસાલી



ડૉ. રિયાલ ગોવિસ

SGCCI

## THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

### *We sincerely thank our Sponsors of Birthday Gifts*

JOGANI REINFORCEMENT
Sihora INDUSTRIES LTD
MADHAVJI PATEL LANDMARK CORPORATION
SOLEX OWN YOUR POWER...
KP GROUP www.kpgroup.co
KHUSHALBHAI JEWELLERS
Shakti Group Companies
EKTA Forest CLOSE TO NATURE
A-ONE LIFESTYLE
Lotus MASALA Since 1963
Re:fresh Organic • Natural • Sustainable
KLM LABORATORIES PVT. LTD.
MAHARANA
visitorz.io
Manbhavan Mukhwas & Munchies HEALTHY, HYGIENIC & HOME MADE
TeaOx BY JIVRAJ
kamdhenu ayurveda
Vasudev Stuudio Pvt Ltd Delivering Textiles Beyond Promise
GANDHI GROUP OF INDUSTRIES
MAHADEV fabric
અંજુબેન ચટણી સ્વાદ ચટાકેદાર...
Thyme & Whisk
आस्था LACE
Laflora CHOCOLATE
NARMADA GROUP EXPRESSION OF GROWTH
KAPOOR PHENYL
BRAHMANI FURNITURE INSPIRED BY INNOVATION
OTLO
amazon digital kendra
Alibaba.com
MOTORS "Always for your service"
HASTEE BAKERY LIVE CAKE SHOP & NAMKEEN MALL
Hilton Garden Inn Surat City Centre

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND




**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY

SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

**THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE**
**GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE**

# SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
|---|---|
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL
SHRAVAN
BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION
WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION
YARN EXPO™
An International Trade Show
1 2 3 AUG. 2025

संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft
12th & 13th September, 2025

Diwali
BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION
SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SITME '26
SURAT INTERNATIONAL
TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

6th EDITION
SGCCI
Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI
GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26®
25-26-27 Jan. 2026

SGCCI
EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
6-7-8 FEBRUARY 2026

SMART
EDUCATION
EXPO 2026
6-7-8 FEB, 2026

13th EDITION
SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL
7th Edition
auto expo®
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

Art
EXHIBITION
AHMEDABAD
19 TO 22 MARCH 2026

Vibrant
GUJARAT
REGIONAL
CONFERENCES
Regional Aspirations, Global Ambitions
9 & 10 April, 2026

SGCCI
WEALTH
EXPO 2026
8-9-10 MAY

SGCCI
DiMaS
DIGITAL MARKETING
SUMMIT & EXPO

Health & Wellness Expo

3rd Edition
Surat
Startup
Summit

SPARKLE '26
INTERNATIONAL
Gems & Jewellery Exhibition